ॐ

श्री रविगुरु रचीत

सिद्धांतप्रकाश सटीक

तथा

अनुभवी पद विगेरे स्तुतिओ.

છપાવી પ્રસિદ્ધ કરનાર
श्री रवीभाण संप्रदाय वर्धक
महंत श्री राघवप्रसादजी श्री राधिकादासजी.

સંવત ૧૯૬૦ પૈ.વ.

અમદાવાદ.

ધી રાજનગર ટાઈપ ફાઉન્ડરી પ્રિન્ટીંગ પ્રેસમાં
જેશિંગભાઇ મુળજી પટેલે છાપ્યો.

સૂચના પત્ર.

શ્રી સદ્ગુરૂ બાપુ સાહેબ કે જેઓએ ગુજરાત પ્રાંતમાં વડોદરા શહેર પાસે શ્રી શેરખી ગામમાં સ્વઇચ્છાએ સ્થાન કરી બીરાજમાન થઈ અનેક સંસારી જીવોને કૃતાર્થ કર્યા. તેમના પરમ પ્રતાપી શિષ્ય શ્રી હરિરામ સ્વામી તેજ મુખ્ય ગાદી શ્રી શેરખી બીરાજમાન થઈ સાંગોપાંગ શ્રી હિંદુ ધર્મ સંબંધીની કેટલાએક ઉપકારી શિક્ષા કરી. જેથી

મહા સમર્થ શ્રી ખેમ સાહેબ તથા ગંગ સાહેબ જેઓને કચ્છ વાગડ દેશ ચેતાવવા શાહુપર નામે ગામમાં સ્થાન કરવા આજ્ઞા કરી: તેમજ શ્રી રવીગુરૂના ત્રીજા શિષ્ય શ્રી: લાલસ્વામીએ શ્રી ગુરૂ આજ્ઞાથી પાટણ શહેરમાં વશી કેટલાક જીવોનો ઉદ્ધાર કર્યો.

શ્રી રવિગુરૂના ચોથા શિષ્ય શ્રી રામ સ્વામીને પોતાની શેરમીવાળી જાગ્રીએ બિ-રાજમાન કર્યા.

શ્રી રવિગુરૂના પાંચમા શિષ્ય શ્રી મોરાર

સ્વામી મહા સમર્થ થયા, તેમણે શ્રી ગુરૂ આજ્ઞાનુસારે હાલાર દેશમાં ખંભાળીયા ગામમાં બીરાજી અનેક જીવોને કૃતાર્થ કર્યા.

એવા બીજા કેટલાએક સમર્થ શિષ્યો સંસાર સમુદ્રથી તારવા સાક્ષાત્ નાવ રૂપજ થયા. એવા પરમ કૃપાળુ શ્રી રવિરામ સ્વામી મુખ્ય ધામ શ્રી સેરખી ગાદીયે બીરાજમાન થઈ અનેક પદ કિર્તન રૂપે વાણી રચના કરી જેને આ સમયમાં દેશો દેશના હરીજનો ગાન કર્યા કરે છે. તેમજ મુમુક્ષુ જ-

નોને સારૂ કેટલાએક ગ્રંથો હિંદી ભાષામાં તેમજ ગુજરાતી ભાષામાં રચ્યા છે. તે મધ્યેથી આ સિદ્ધાંત પ્રકાશ જેમાં કર્મ ઉપાસના (ભક્તિ) અને જ્ઞાન સંક્ષેપમાં ગુરૂ દ્વારાએ વિચારવાથી અધિકારી જનો તત્કાળે બોધને પામે છે. પરંતુ આ ગ્રંથની ટીકા નહી હોવાથી કેટલાક સામાન્ય બુદ્ધિવાળાને યથાર્થ રીતે સમજી શકાતો નથી એમ જણાએ અધિકારી જનોની પ્રાર્થના વડે શિષ્ય વર્ગોએ જે વખતે શ્રી ગુરૂ

સ્વામી રાધીકાદાસજી ગુરૂને શ્રી રવિ-
ભાણુ સંપ્રદાઇ શુકદેવ સ્વરૂપ પરમહંસજી
તથા શ્રી જાનકીદાસ સ્વામીએ બેઉએ મ-
ળી શ્રી સેરખીથી મેલ ૧ શ્રી ભાણુસાગર
નામે મુકામે નિવૃતીથી બીરાજમાન જાણી
પ્રસન્નતા જોઇ વિનય પૂર્વક પ્રાર્થના કરીકે
કૃપાનાથ આ સિદ્ધાંત પ્રકાશની ટીકા કર-
વા ઘણા ભગવતી જનોની પ્રાર્થના છે. મા-
ટે આપ દયાસાગર સ્વિકારવા યોગ્ય છો.

તે પ્રાર્થનાનુસારે શ્રી પરમહંસજીની સંમતીથી શ્રી ગુરૂ મહારાજે "સુબોધની" નામે ટીકાનો ગ્રંથ રચ્યો. તેમાં હરેક વખતે શ્રી પરમહંસજીની સંમતીથી પ્રમાણો વગેરે લખ્યાં છે.

એ ગ્રંથ ઇતી શ્રી થયા બાદ શ્રી ગુરૂ હરીદ્વાર નીવાસ કરવા પધારતી વખતે શ્રી અમદાવાદ બીરાજ્યા તે સમય શ્રી કચ્છ દેશ નિવાસી [illegible] પંડિત વર્ય શ્રી પિતાંબરજી પુરૂષોતમજી શ્રી અમદાવાદ પધાર્યા તેઓને આ ગ્રંથ બતાવ્યો તો તેઓ અર્થથી ઇતી

સુધી વાંચી સંતોષ પામ્યા. વિશેષ પ્રશંસા લખતા નથી.

લી. આચાર્ય સ્વામી

શ્રી રાધિકાદાસજી શ્રી રેવાદાસજી

ચરણકમલ મકરંદ મધુપ મહંત

કેશવપ્રસાદ શ્રી અમદાવાદ ગાદીવા-

ળાના જય શ્રી રામ.

श्रीरा.

શેઠ કેશવજી વિરજી મુંબાઇવાળાને પ્રસાદી પત્ર.

આપ શ્રી હરી ગુરૂ સંતની ઉપાસના પ્રેમ ભકિત પૂર્વક કરોછો તેમજ સંસારી કાર્યો સત્યતાથી કરી આ વિકરાળ કળિકાળમાં દૈવી સંપત્તિ ધારણ કરી રહ્યા છો. એ.અદ્ભૂત પુરૂષાર્થ આપનો જોઈ અમારા શ્રી ગુરૂ મહારાજ જેઓએ આચાર્યત્વની બાવત પ્રવૃતીથી ઉપરામ થયા છતાં આપની અપૂર્વ સુશિલતાથી કૃપાવંત થએલા

શ્રી ગુરૂજી શ્રીહરીદ્વાર નિવાસ કરવા પધારતી વખતે મને આજ્ઞા કરીકે આ મુમુક્ષુજન હિત કારક સિદ્ધાંત પ્રકાશગ્રંથ કેશવજી ભાઈને પ્રસાદી તરીકે અર્પણ કરવો. તે આજ્ઞાનુસારે આ મોક્ષદાઈ ગ્રંથ આપ સદ્ગુણીને પ્રસાદીરૂપે અર્પણ કરૂછું તે પ્રેમ પૂર્વક સ્વિકારશો.

લી. શ્રી રવીભાણ સંપ્રદાય આચાર્ય

સ્વામી શ્રી રાધિકાદાસજી શ્રી રેવાદાસજી

ચરણકમળ મકરંદ મધુપ મહંત ર:

ધવપ્રસાદ શ્રી સેરખી ગાદીવાળાના

જે શ્રી રામ વાંચજો

અથ શ્રી સટીક સિદ્ધાંત પ્રકાશ પ્રારંભ:

શ્રી ગણેશાયનમ: શ્રી ગુરૂચરણ કમલેભ્યો નમ:—ટીકાકારનું મંગલાચરણ—સાખી. જે સુખરૂપ સ્વરૂપનું, નીત્ય ધરે મુનિ ધ્યાન, તે સઘળે સુભર ભર્યો, ભાખે વેદપુરાણ ।। ૧ ।। શ્રીશ ઈશ ગણુ નાયક, દિનકર શક્તિ સાર; સર્વ દેવમય સદગુરૂ, વંદુ વારંવાર ।।૨।। ઈષ્ટદેવ રવિરામ ગુરૂ, શરણાંગત સુખરૂપ, મનવાંચ્છિત ફલ પામવા, સેવુ ચરણ અનુપ ।।૩।। શ્રી રવિગુરૂએ પ્રેમથી, રચ્યો સિદ્ધાંત પ્રકાશ; તે ગ્રંથ વિસ્તારવા, રાખુ ગુરૂ પદ આશ ।। ૪ ।। શ્રીર-

વિગુરૂએ અધીકારી ભક્તજનો ઉપર દયાકરી-
સિ૦ ને સુગમ રીતિથી સમજાવા માટે વેદના ર- પ્ર૦
૧ હસ્યને જાણવાસારૂ સિદ્ધાંત પ્રકાશ નામે ગ્રં-
થ રચ્યો છે તેની ટીકા, હું, હરીગુરૂ સંતની
કૃપાથી યથામતિ કરૂછું. તે ગ્રંથના આરંભ-
માં શ્રેષ્ટાચાર રીતિથી અનુબંધ નિચે પ્રમાણે
લખુછું. અધીકારી, વિષય, સબંધ, પ્રયોજન, એ
ચારે અનુબંધ જે ગ્રંથના જાણ્યા હોય તે
ગ્રંથના શ્રવણ મનન રૂપ વિચાર કરવામાં
અધીકારી જનોની રૂચિ પૂર્વક પ્રવૃતિ થાય છે.
એટલા માટે આ સિદ્ધાંત પ્રકાશની ટીકામાં
સંક્ષેપથી અનુબંધ જણાવ્યા છે. આ સિદ્ધાં- ૨

ત પ્રકાશમાં વિવેકાદિ ચાર સાધન પૂર્વક નિ-
ર્મલ સ્થિર ચિત્તવાળો શ્રી હરિગુરૂ સંતની
ભક્તિ સંયુક્ત પુરૂષ અધિકારી છે. નિષ્કામ
કર્મ ઉપાસના સહિત જીવ ઈશ્વરના લક્ષ્ય
સ્વરૂપનો એકત્વ નિશ્ચય આ ગ્રંથનો વિષયછે,
જડરૂપ વાચ્ય ભાગ તથા ચેતન રૂપ લક્ષ્ય
ભાગ વિવેચન રૂપ જે વિચાર તે કર્ત-
વ્ય છે. અધિકારિ તે વિચારના કર્તા છે, એ
કર્તૃકરર્તવ્ય ભાવરૂપ સબંધ છે, ભક્તિ પૂર્વક
તત્વજ્ઞાનવડે અવિદ્યા સહિત જન્મમરણ આદિ
અનર્થની નિવૃતિ તથા ભગવતના વાસ્તવિક સ્વ
રૂપ પરમાનંદની પ્રાપ્તિ રૂપ આ ગ્રંથનું પ્રયો-

સિ૦ જન છે, मूल; साखी–श्रीसतगुरुने चरणे नामि, પ્ર૦
राखि रामपद आश; रविदास वर्णन करे, श्रुति
२ सिद्धांत मकाश ॥ १ ॥ શ્રી રવિરામ સ્વામિ
કેહે છે કે શ્રી એટલે બ્રહ્મવિદ્યા રૂપિ શોભા
સંયુક્ત, સદગુરૂ એટલે સદ્બોધ આપનાર
તેમાં પ્રમાણ મણીરત્નમાળાનું, कोवा गुरुर्योहि
हितोपदेष्टा, એવા હિતઉપદેશ કરનાર જે
સદ્ગુરૂ તેમના ચરણારવિંદને નમી, રામ
એટલે યોગીજનો જેમાં નિરંતર રમેછે તે
રામ અથવા યોગિયોના હ્રદામાં અખંડ ર-
મિ રહ્યા છે એવા જે પોતાના ઇષ્ટદેવ જેશ્રી ૨

દાસરથીરામ તેમના પદ જે ચરણકમલ તેને નમસ્કાર કરી શ્રી રવિરામ સ્વામીએ સિદ્ધાંત પ્રકાશ એટલે વેદનું જે રહસ્ય તેને સ્પષ્ટ કરી વર્ણન કરતા હુવા ॥ ૧ ॥ मूल; वेद तणो जे भेद छे, लहे न गुरु बिन कोय; रविदास निश्चे कहे, गुरुथाकि गम होय ॥२॥ ટીકા–વેદનો ભેદ કહેતાં જે રહસ્ય (અંતર અભીપ્રાય) છે તેને ગુરૂવિના કોઈ પામિ શકેજ નહી એમ શ્રી રવિરામ સ્વામી કેહેછે કે ગુરૂથીજ સમજાય. ૨॥ मूल, रविवेदना भेदमां, जे समजे ते संत; बिजि वात प्रपंचमां, भूले नहि गुणवंत ॥ ३ ॥

ટીકા-શ્રી રવિરામ સ્વામી કેહેછે કે વેદનારહુ-સ્યમાં જે સમજે તેજ સાધુ જાણવો ને તે સ-મજ્યાવિના બીજી વેહેવારિક ખટપટ પ્રપંચમાં જે પ્રવૃતિ કરે તેને ભુલ્યોજ જાણવો અને ગુણવંત એટલે. શુભગુણ ધારે-અશુભ ટાલે-તેજ "સાધુગુણવંત. મિથ્યા પ્રપંચમાં ભુલે નહિ ॥ ૩ ॥ **मूल; वेद सार समज्या विना, मूरख ताणे मत;शब्दार्थ समजे नहि, तलहेनगुरु गमगत ॥४॥** ટીકા શ્રી રવિરામસ્વામી કેહેછે કે વેદનું શું રહસ્ય છે-તે જાણ્યા વિના અલ્પ બુદ્ધિથી પોતાનો મત તાણે છે ને શબ્દનો અં-

તર અભિપ્રાય સમજયાવિના શ્રી ગુરૂની ગતિને તથા ગુરૂગમ કેહેતાં ગુરૂનુ સિદ્ધાંત તે કેમ કરિને જાણે ન જાણે, તેમાં પ્રમાણ-
आचार्यवान्पुरुषो वेदेतिश्रुतिः તેનો અર્થ-ગુરૂને વિષે ભકિતવાળા પરમાત્માને જાણેછે. ॥૪॥

मुल; रविदास सतगुरु विना, वेद सदा दुखरूप;
साचा सतगुरु जो मिले, तो पामे तत्वअनूप॥५॥

ટીકા–શ્રી રવિગુરૂ કેહે છે કે વેદ આ ભરતખંડના સર્વે ધર્મોનું મૂખ્ય તત્વરૂપ છે અને સંસાર સાગરને તરવાનું નાવ છે તે સર્વેનો-મૂલરૂપ આધાર છે. પણ જો ગુરૂ મુખેથી પ્રાપ્ત થાય તો પૂર્ણ સુખરૂપ છે, ને ગુરૂવિના માત્ર

સિ૦ દુઃખજ આપનાર છે. દ્રષ્ટાંત–જેમ સમુદ્રનું
જલ ક્ષાર છે, પણ વાદલદ્વારા આવે તો અમૃત પ્ર૦
૪ રૂપ થાય છે. તે વિના ગમે તો સોના, ચાંદી,
તાંબા, મૃતિકા વિગેરે ગમે તેવા પાત્રમાં ગ્ર-
હણ કરિયે પણ ક્ષારપણું જાયજ નહિ. તેમ
વેદ ગમે તેવી રીતે આત્મજ્ઞાની વિના ગમે
તેની પાસેથી ભણીયે તથા સાંભળીયે તોપણ
ઉલટો દુઃખરૂપ થઈ પડે–કેમકે ભેદવાદી
વિગેરેની બુદ્ધી પહોચે નહિ. પછી જેમ
તેમ ખેંચીને પોતાના મન ગમતો અર્થ
કરિ પોતે ભૂલેલા અને બીજાને પણ ભૂલા-
વે છે, ને તેથી ચોરાશીરૂપ દુઃખને પામે છે ૪

ને પમાડે છે. માટે બ્રહ્મવિદ્--બ્રહ્મને જાણનારા-
ને બ્રહ્મ શ્રોત્રીય—વેદાર્થ જાણનારા-ગુરૂદ્વારા-
વેદ ભણે અથવા શ્રવણ કરે તોજ સુખરૂપ
થાય, એટલે પરમપદને પ્રાપ્તિ કરે, એટલા
માટે શ્રી રવિરામ સ્વામીએ સાચા સત્ગુરૂ
કહ્યા તેથીજ પરમતત્વ કેહેતાં મોક્ષપદ ઉ-
પમા રહિત પામે એમ કહ્યું છે. ॥ ૫ ॥

मूल; रवि प्रथम वेदेकह्यु, कर्मकांड बलवान: तीर्थ व्रत स्नानसुभ, करे यागतपदान ॥६॥ટીકા—
શ્રી રવિરામ સ્વામિ કેહે છે કે અલ્પ બુદ્ધિવાન
પુરૂષ પૂર્વ ઉત્તર વિચાર કરયા વિના જેમ તેમ
સમજી લે છે. પણ વેદમાં શું છે તે ગુરૂદ્વારા

સિ૦ વિચાર કરે તોજ સમજાય. વેદમાં પ્રથમ ક- પ્ર૦
ર્મકાંડ છે, બલવાન એટલે અંતઃકરણનાં પાપને
૫ હરવામાં સમર્થ છે. જેવાંકે નિત્ય નૈમિત્તિ-
કાદિ ને તીર્થ રામેશ્વર, બદ્રિનાથ, ગંગાદિ-
કમાં શ્રદ્ધા પૂર્વક, સ્નાન, દાન તથા દર્શન
કરી સાધુ, બ્રાહ્મણ, ગુરૂ વિગેરેને પૂજવા ને
ચાંદ્રાયણાદિક, જન્માષ્ટમી, શિવરાત્રી, રામ-
નવમી વિગેરે વ્રત યાગ એટલે વૈદીક અથ-
વા પૌરાણીક યજ્ઞકથા અધિકાર પ્રમાણે ક
રવા. વિષ્ણુયાગાદિકને તપ એટલે મન તથા
ઇંદ્રિયોને એકાગ્ર કરવી. તે અંતર તપને બ-
હિરતપ, શાસ્ત્રાનુસાર સ્વધર્મનું અનુષ્ટાના- ૫

દિ દાનનું પાત્ર જોઇને દાન આપવું. તેમાં પ્રમાણ, મણી રત્નમાલામાં કહ્યું છે કે-**दानंपरंकिंचसुपात्रदत्तं**-અને દરવાજે અતિથિ, અભ્યાગત જે આવે તેને ગ્રહસ્થ લોકોએ આપણા સ્વધર્મનો વિચાર કરી યથા શક્તિ અન્ન આપવું. તેમાં વર્ણાશ્રમનો વિચાર ન કરવો. કહ્યું છે કે-**नपृच्छेगोत्र चरणेस्त्राध्यायं-चव्रत्तानिच । हृदयेकल्पयेदस्मिन् सर्वदेवगयो-हिसः ॥** અર્થ-અતિથિ વિગેરે ગ્રહસ્થને દરવાજે આવે તેને ગોત્રઆદિ લઈ આચરણ તથા વેદનું અધ્યયન, વ્રતાદિને ન પુછે અને હૃદયને વિષે તે અભ્યાગતને હરિરૂપ છે એમ

સિ૦ જાણીને યથા શક્તિ તેમનો અન્ન જલથી પ્ર૦
૬ સત્કાર કરવો તેમજ કહ્યું છે કે—चौरोवाय
दिचडालः शत्रुवापितृघातकः वैश्वदेवेतुसंप्रा-
प्तसोऽतिथिः सर्वसंगमः॥કેમકે જો નિરાસ
જાય તો ગ્રહસ્થના સમગ્ર પુણ્યને લેઇને તેને
બદલે પાપ આપી જાય માટે સત્કાર કરવો.

॥ ૬ ॥ **मुल; बीजो कांड उपासना, करे धरी मन प्रेम;रामकृष्ण अवतारने, सेवे साहित सुनेम.**

ટીકા—અને બીજો વેદમાં ઉપાસના કાંડ છે—
તે પ્રથમ નિષ્કામ કર્મો કરી પછી ઉપાસનામાં
પ્રવેશ કરે—મનમાં પ્રેમ લાવી શ્રીરામકૃષ્ણના ૬

જે અવતાર તેમના ચરિત્રનું ચિંતવન શ્રવણ કીર્તન કરે અને મૂર્તિનું પૂજન વિધિપૂર્વક કરે. કેટલાક નાસ્તિકનું કહેવું છે કે વેદમાં મૂર્તિ પુજન નથી, તેનું કહેવું વેદને જાણ્યા વિના-જ છે. વેદમાં મૂર્તિ મંડન વિષે વાક્ય છે-

यजुर्वेद काण्वशाखा-तृतीयकांडे-चतुर्थाध्याय-चोतरीसमीक्रक्. सुरूपांप्रतिमांविष्णोः प्रसन्नवदनेक्षणां-तांअर्चयेत् -तांप्रणयेत्-तांयजेत्-तांविचिंतयेत्-અર્થ વિષ્ણુ ભગવાનની પ્રતિમા સુંદર રૂપવાળી ને પ્રસન્ન મુખ નેત્રવાળી એવી પ્રતિમાને પૂજે તથા તેને નમસ્કાર

સિ૦ કરે-તેમ સેવન કરે-ને નિર્મલ અંતઃકરણમાં પ્ર૦
તેનું ધ્યાન કરે-સુનેમ કેહેતાં ઉત્તમ નેમથી
૭ ઉપાસના કરી સાક્ષાત નારાયણ રૂપથીજ
પૂજન વિધિવત્ તદરૂપ થઈને કરે તોજ ફલદા-
તા છે. મનમાં કપટ તથા પાષાણ ધાતુ
વિગેરે બુદ્ધિનો ત્યાગ કરી વેદ મંત્રનો જેને
અધિકાર ન હોય તેને પુરાણમંત્રથી તથા નારદ
પંચરાત્રની રીતિથી પૂજન વિધિ પૂર્વક કરો॥૭॥

मूल; ज्ञानकांड त्रिजो सरस, मोक्ष पामवा काज;
जाणे ब्रह्मस्वरूपने, करी अविद्यावाज ॥८॥

ટીકા-એવી રીતે કર્મ ઉપાસના દ્રઢ કરી ત્રિજો ૭
કાંડ જે જ્ઞાન તે સરસ કેહેતાં કર્મ ઉપાસના

રૂપી રસ સહિત એટલે વાચક જ્ઞાનીપણું ન-
હિ, જેને શુષ્કજ્ઞાની કહે છે તે નહિ માટે
કર્મ ઉપાસનાથી વૃદ્ધિ પામેલું રસ સહિત
એવું જે શુદ્ધ જ્ઞાન તેને બ્રહ્મનિષ્ઠ; બ્રહ્મશ્રો-
ત્રિયગુરૂદ્વારા પામી અવિદ્યાનો નાશ કરી બ્ર-
હ્મ સ્વરૂપ યથાર્થ થઇ અવિદ્યા બાજ કરે એ-
ટલે અવિદ્યા ત્યાગ કરે, તેમાં પ્રમાણ ગી-
તામાં કહ્યું છે કે–तद्विद्धि प्रणिपातेन परिप्र-
श्नेनसेवयाउपदेक्ष्यंतितेज्ञानंज्ञानिनस्तत्वदर्शिन।
અર્થ ઉપર કહ્યો છે ॥ ૮ ॥ मूल; एवीरीते
वेदमां, भाग कर्या निरधार; मतवादी समजे

સિ૦ नहि, मूरख मूढ गमार ॥१॥ટીકા. કહી આવ્યા પ્ર૦
૮ એ રીતે વેદમાં જે વ્યવસ્થા છે, તે જાણ્યા વિના
તુચ્છ બુદ્ધિવાળા જે મૂરખ મૂઢને ગમાર અ-
ભીપ્રાય સમજ્યા વિના વંચક ગુરૂના કેહે-
વાથી અંધ ગોલાંગુલન્યાય પ્રમાણે દુખને-
જ પામે છે અંધ ગોલાંગુલન્યાય એટલે—
જેમ કોઇ એક ધનવાન પુરૂષનો આભુષણ
સહિત બાલક હતો, તે બાલકને રાત્રીમાં દુ
ષ્ટ ચોર લોકો ઉપાડીને વનમાં લઇ ગયા ને
તેનાં ઘરેણાં લેઇ લીધાં ને તેનાં નેત્ર ફોડીને
વનમાં મુકી ગયા. તે રૂદન કરતા બાલ-
કને જોઇને કોઈ ઠગ પુરૂષે તે બાલકને કહ્યું ૮

કે આ મદોન્મત્ત સાંઢનું પૂછડું પકડે તો તે સાંઢ તુને તારા ઘરમાં લઈ જાશે. પછી તે મૂઢ બાલકે તેનું પુંછડું પકડયું તેથી મહા દુઃખ તથા મૃત્યુને પામ્યો. તેમ અણસમજુ પુરૂષો વંચક ગુરૂઓના મીથ્યા ઉપદેશથી માહા દુઃખને પામે છે ॥૯॥ मूल; जेने

जे अधिकारछे तेने तेवो बोध; श्रीसतगुरुसमाजि करे, हरे अविद्या शोघा१०॥टीका, श્રી રવિરામ સ્વામી કેહે છે કે શ્રી સતૂગુરૂ સાક્ષાત કૃપાસાગર છે. તે જેવી રીતે અધિકારી શિષ્યનો ઉદ્ધાર થાય તેવી રીતે બોધ કરે છે. પાત્ર જોઇને તેમ ન કરે તો શિષ્યની હાની થાય

માટે શિષ્યની અવિદ્યા શોધીને દુર કરે તે
સિ૦ વિષે વિસ્તાર આગળ કેહેવાશે ॥ ૧૦ ॥ પ્ર૦

૯ **मूल; अंतःकर्णमां दोषत्रय, मल विक्षेप अज्ञान;**
ते दोषोने टालवा, धरे गुरुपद ध्यान॥११॥

ટીકા. પ્રથમ કર્મ પછી ઉપાસના, પછી જ્ઞાન, એમ અનુક્રમે કરવાનું કારણ. અંતઃકરણમાં ત્રણ દોષ છે. ૧ મળ, ૨ વિક્ષેપ, ૩ અજ્ઞાન, એટલે આવૃણ, હવે એ દોષોને દુર કરવા શ્રી ગુરૂના ચરણનું ધ્યાંન કરી અનુક્રમે દોષ દુરકરે- મલ દોષ એટલે પાપ તે નિષકામ કર્મથી નાશ થાય છે. કર્મ બે પ્રકારનાંછે. એક સકા- મ, બીજું નીષકામ. સકામ જે મનમાં ૯

ફલ પામવાની ઇચ્છાથી કરે તેસકામ. પણ સકામ જે યજ્ઞાદિક સાંગોપાંગ નીર્વિઘ્નતાથી કરે તોજ તેને સ્વર્ગાદિક ફલ મળે પણ તે સાંગોપાંગ કરવું દુર્ઘટ છે. કદાપિ નીર્વિઘ્ન અતીકષ્ટે થાય તોપણ તેનું ફલ મીથ્યા છે. ભોગ ભોગવી રહેકે તતકાલ પાછો પડે છે. ગીતામાં કહ્યું છેકે, **क्षीणेपुण्ये मर्त्यलोकं वि-शंति**—કરેલાં પુણ્ય ક્ષીણ થાય તેજ ક્ષણે પાછું પુણ્ય રહિત થઈ મૃત્યુલોકમાં અવતરવું પડેછે, પણ તે નીર્વિઘ્ન કર્મ સમાપ્તિ થવુંજ દુર્ઘટછે, અને વળી જેનું ફલ નાશવંત છે માટે નીષકામ કર્મ કે જેમાં કંઇક નુન્યતા રહી

જાય તો હાની નહી. ગીતામાં કહ્યું છે કે,
સિ૦ नेहाभिक्रमनाशोस्ति प्रत्यवायोनाविद्यते। स्वल्प प્ર૦
૧૦ मप्यस्य धर्मस्य त्रायते महतो भयात्॥ અર્થ
આ નીષકામ કર્મયોગમાં આરંભ કરેલો નિષ
ફલ જાતો નથી. અને ફીંચીત ન્યુનતા રહેતો પ-
ણ પાપ થતું નથી. આ નીષ્કામ કર્મરૂપ ધર્મનો
થોડો ભાગ હોયતો મહાનભયથી રક્ષાકરેછે.
ને વળી જેનું પરીણામ ઉત્તમ પદ પામવાનો
અધીકારી થાય છે. માટે કર્મના ફલની આશા
રહિત થવું એજ નીષકામ કરવાથી અંતઃક-
રણનો જે મલ, પાપ, દોષ દુર થાયછે. અને
ઉપાસનાનો અધીકારી થાયછે. માટે કર્મ કરયા ૧૦

પછી ઉપાસના કરે. વિધીપૂર્વક કરી અંતઃક-
રણુમાં જે વીક્ષેપ દોષ એટલે અંતઃકરણુની ચં-
ચલતા તેનો નાશકરે. ચંચલતામાં શુધ્ધ સ્વરૂ-
પનો ભાસથતો નથી. જેમ અસ્થીર જલ અથવા
દર્પણુમાં સૂર્યાદિકનું પ્રતીબીંબ સ્પષ્ટ દેખાતું ન
થી તેમ ચંચલ અંતઃકરણુમાં શુદ્ધ સ્વરૂપનો
ભાસ થતો નથી. માટે મલવિક્ષેપદોષને દૂર
કરવા કર્મ ઉપાસનાની જરૂર છે. માટે કરવા.
શ્રી ગુરૂનું ધ્યાન ધરવું. તેમાં પ્રમાણ—ध्यान-
मूलंगुरोर्मूर्तिः पूजामूलंगुरोः पदं मंत्रमूलंगूरो-
र्वाक्यं मोक्षमूलंगुरोः कृपा ॥ અર્થ સર્વધ્યાનનું
મૂલ કહીયે કારણ ગુરૂની મૂર્તિ છે. તેમ સર્વ

પૂજન કરવાનું કારણ ગુરૂના ચરણકમલ છે, પ્ર૦
સિ૦ તેમ સર્વ મંત્રોનું કારણ ગુરૂનું વાકય છે,
૧૧ તેમ મુકિતનો હેતુ ગુરૂની કૃપા છે ॥ ૧૧ ॥
मूल; निषकाम शुभकर्म करी, मलने हणे जरुर;
उपासनाथी रवि कहे, विक्षेप थाय छे दूर॥१२॥
ટીકા.—શ્રીરવિરામ સ્વામી કહે છે કે નિષ્કામ શુભ કર્મ કરવાથી મલને દૂર કરી ઉપાસનાથી વિક્ષેપને દૂર કરી જ્ઞાનનો અધિકારી થાય છે. માટે મલ જે પાપ ને વિક્ષેપ જે ચંચલતા તેનો ત્યાગ કરેતોજ અધિકારી થાય છે—॥ ૧૨ ॥ **मूल; मलविक्षेप**
पलायतो, थाय ज्ञाननेपात्र; साधन चार विचा- ૧૧

रतां, टळे अविद्या मात्र ॥१३॥ टीका, तेटलाज माटे सत् पुरुषोए कृपा करीने कह्युं छे के, मलविक्षेप नाश पामे तोज ज्ञानने पात्र थाय. पछी चार साधन संपन्न थाय. त्यारे अविद्या (काम क्रोधादि) मात्र दूर थाय छे-चार साधनना नाम. १ विवेक, २ वैराग्य, ३ षट्-संपत्ति, ४ मुमुक्षुता. ए चार साधन सहित जे होय ते साधन संपन्न केहेवाय. चार साधननां वर्णन. १ विवेक एटले आत्मा अनात्मानुं ज्ञान-आत्मा अविनाशी छे, अचल छे. अनात्मा जगत नाशवंतने चलाय मान छे. आत्मा पंचक्लेसरहित छे. पंच-

ક્લેસનાં નામ. १ आविद्या, २ अस्मिता (सूक्ष्म- પ્ર૦
સિ૦ अहंकार), ३ राग, ४ द्वेष, ५ अभिनिवेश,
૧૨ (अतिदूराग्रह मानना भयथी शरीरनी रक्षामां)
અનાત્મા જગત પંચ કલેસસહિત છે. એવો
જે વિવેક તે સરવ સાધનમાં ઉત્તમ છે. ૨ બી
જું સાધન વૈરાગ્ય એટલે યાવત્ વૈભવ,
આ લોકઅને પરલોક એટલે મૃત્યુ લોકથી તે
બ્રહ્મલોક સુધીના પદાર્થ ઉપર ઈચ્છાનો અ-
ભાવ એજ પરમવૈરાગ્ય. ૩ ત્રીજુ, ષટ્સંપત્તિ
મળીને એકજ સાધન કહેવાય તે નીચે પ્રમાણે-
१ शम, २ दम, ३ श्रद्धा, ४ तितिक्षा, ५ उप- ૧૨
रती, ६ समाधान. તેનું વર્ણન નીચે પ્રમાણે,-

૧ શમ એટલે બ્રહ્મજ્ઞાનમાં ઉપયોગી. શ્રવણ મનન ગુરૂ સેવાદી વિના જે ચિત્તની પ્રવૃતિ માત્રનો નિરોધ તે શમ, ૨ દમ એટલે જ્ઞાનમાં ઉપયોગી દૈવિસંપત્તિના ગુણોથી બીજા ખોટા વિષયમાંથી ઇંદ્રિયોને રોકવી તે દમ. ૩ શ્રદ્ધા એટલે વેદાંત તથા ગુરૂ વાકય સત્ય છે, એવો દ્રઢ વિશ્વાસ તે શ્રદ્ધા. ૪ તિતિક્ષા એટલે બ્રહ્મજ્ઞાનની હાની ન કરનારા અતી દુરાગૃહ રહીત. સુખ, દુઃખ, શીત, ઉષ્ણ, માન, અપમાન, સ્તુતિ, નિંદા, વિગેરેની સહનતા તે તિતિક્ષા. ૫. ઉપરતિ એટલે કર્મ તથા કર્મનાં સાધન. જે સ્ત્રીપુત્રધનાદિમાં આશક્તિનો ત્યાગ

સિ૦ તે ઉપરતિ. ૬. સમાધાન એટલે સત્શાસ્ત્રના પ્ર૦
૧૩ શ્રવણાદિકમાં ચિત્તને સ્થિર કરવું તે સમાધાન
એ છ મળીને એક સાધન છે. ૪ મુમુક્ષૂતા
એટલે અનાદિકાલના સંસાર દુઃખથી નિવૃ-
ત્તિ પામીને પરમ પદ પામંવાની ઈચ્છા તે, એ-
મ ચાર સાધન સંપન્ન થઈને શ્રી ગુરૂદ્વારા મહા
વાકયનો વિચાર, શ્રવણ, મનન, નિદિધ્યાસન
કરે ત્યારે અવિદ્યામાત્ર નાશ થાય. તે વિષે આ-
ગળ કહેવાશે. ॥ ૧૩ ॥ **मूल; पछी शुद्धस्व-
रूपनो, अंतर करे विचार; हुं कोणछुं ने कोण आ,
दीसेछे संसार.।१४।** ટીકા—તે અવિદ્યાનાશ કર- ૧૩
વા શુદ્ધ સ્વરૂપનો અંતર વિચાર કરવો. હું કોણ

છું ને આ જે સંસાર દેખાય છે તે કોણ છે? એ-
મ ધારી ગુરૂ ચરણે પ્રાપ્ત થાય ॥ ૧૪ ॥

**मूल; गुरू चरणमां प्रेमथी, मस्तक धरी उमंग; भे-
ट सहित विनति करे, करवा संशय भंग ॥१५॥**

ટીકા—અધિકારી શિષ્યે શ્રી ગુરૂ ચરણે જ-
વું, ત્યારે ભેટ સામગ્રી સહિત જવું.
તેમાં પ્રમાણ. **तद्विज्ञानार्थंसगुरूमेवाभिगच्छेत्स-
मित्पाणिश्रोत्रियंब्रह्मनिष्ठं.** ॥અર્થ—તે અધીકારી
તે પ્રમાણે પરમાત્માનાં વિજ્ઞાન અર્થે ભેટ વસ્તુ
હાથમાં લઇ શ્રોત્રિય બ્રહ્મનિષ્ટ ગુરૂને શરણે
જાય પછી વિનય પૂર્વક પ્રેમથી શ્રી ગુરૂ ચ-

સ૦ રણે મસ્તક મૂકી પોતાના અંતરનો સંશય ૫૦
.૪ દૂર કરવા પ્રાર્થના કરે ॥ ૧૫ ॥ मूल; का-
म क्रोध मद लोभथी, अंतर थइ उदास; क-
पट चतुराइ मूकीने, प्रश्न करे थइ दास ॥१६॥
जीवनाम शाथी थयुं, शा कारणथी शि-
व;कहो कृपा करी देव गुरू, सेवुं चर्ण सदैव
॥ १७॥ ટીકા. જ્યારે શ્રી ગુરૂ ચરણે જવું
ત્યારે પોતાના અંતરમાંથી અનેક પ્રકારની
કામના તથા ક્રોધ તથા મદ જે અષ્ટ પ્રકા-
રના (૧ ધનનો–૨ રાજકીયનો–૩ ઉંચાકુલ-
નો, ૪ વિદ્યાનો, ૫ ત્યાગનો, ૬ રૂપનો, ૭ ૧૪

બળનો, ૮ કર્મનો.) મદ તથા લોભ મોહ વિગેરે આસુરી સંપત્તિનો ત્યાગ કરી વહેવાર, ચતુરાઈ, કપટ, પ્રપંચ (ખલતારૂપ સ્વભાવ) ને ત્યાગીને એટલે પોતાનું ડહાપણ સર્વ પડતું મૂકીને દાસ થઇને પોતાના મનના જે સંશય હોય તે દૂર કરવા માટે પ્રશ્ન કરે. હે શ્રી ગુરૂ મહારાજ આ જીવ એવું જે નામને શિવ એવા પ્રકારથી જે કેહેવાય છે તેનું શું કારણ છે. હે ગુરૂદેવ તે કૃપા કરીને કહો. જે વસ્તુ જાણી આપના ચરણને અહોનિશ સેવું એવી કૃપા કરો. ॥ ૧૬ ॥ ૧૭ ॥ **मूल; प्रश्न शिष्यनुं सांभ-**

સિ૦ ली, सतगुरू परम उदार; क्रपा करी वदता પ્ર૦
૧૫ हवा, वेद वचन निरधार ॥ १८ ॥ ટીકા.
શ્રી રવિરામ સ્વામી કેહે છે કે એવી રીતે
શિષ્ય શુભ લક્ષણ સંપન્ન થઇ શ્રીગુરૂ ચ-
રણમાં આવીને પ્રશ્ન પુછ્યું ત્યારે કૃપાળુ
મૂર્તિ શ્રીગુરૂ નમ્ર શિષ્ય પ્રત્યે ઉત્તર આપ-
વા તત્પર થયા. વેદના પ્રમાણથી શ્રીગુરૂ ઉ-
ત્તર પાંચ સાખીથી આપે છે ॥ ૧૮ ॥ શ્રી
ગુરૂ વચન— मूल; मलिन अविद्याने विषे,
चेतननो आभास; अधिष्ठानयुत जीव ते, करे
कर्म फल आश ॥ १९॥ पंचतत्वने वश थइ, ૧૫

कामादिकमां प्रीत; देह इंद्रिय सुखने चहे, अे जीवपणानी रीत ॥ २० ॥ सुत वित दारा धाममां, करे प्रेम भरपूर; जीवपणु अेम जाणीये, सद्गुरु पदथी दुर ॥ २१ ॥ लक्ष चोराशी योनिमां, धरे अवतार अनंत; जीवपणु त्यारे टले, जो सेवे हरिगुरू संत ॥ २२ ॥ कह्युं जीव स्वरूप ते, संक्षेपशास्त्र अनुसार; शिव स्वरुप रविदास कहे, वेद वचन निरधार॥२३॥

ટીકા—મલીન અવિદ્યા કહીયે. રજોગુણ તથા તમોગુણથી દબાયલો જે સત્વગુણ તે મલીન, સત્વવાળી અવિદ્યા તે અવિદ્યા-

સિ૦ માં ચેતનનો આભાસ કહીયે. પ્રકાશ, જેમ પ્ર૦
ઘડાના જળમાં સૂર્યનું પ્રતિબીંબ પડે તે-
૧૬ મ અધિષ્ટાન કહીયે, વ્યષ્ટિ અવિદ્યા (અ-
વિદ્યાનો એક ભાગ) જે બુદ્ધિ ભાવના પ-
રિણામને પામે છે તે અવિદ્યાનું આધારરૂપ
જે ચેતન તે જીવનું વાસ્તવ રૂપ તે અધિષ્ટા-
નયુત કહીયે. તે અધિષ્ટાન સહીત એટલે
મલીન અવિદ્યા: તેમાં ચેતનનો આભાસ તથા
ઉપર કા જે અધિષ્ટાન તે ત્રણે મળી જી-
વનું વાચ્ય સ્વરૂપ તે જીવ કર્મનો કર્તા છે.
તથા ફળની આશા કરે છે માટે ભોકતા છે
॥ ૧૯ ॥ પંચતત્વના ગુણ જે શબ્દ, સ્પ- ૧૬

શ, રૂપ, રસ, ગંધ, તે ઇંદ્રિયોના વિષય તો-ને વશ એટલે શબ્દ વિષય જે શ્રીહરિના ભજન કીર્તન વીના જે બીજા વૃથા ગાયન સાંભળવાં ને સ્પર્શ વિષય એટલે જે પર સ્ત્રી ગમન કરે તે. રૂપ વિષય એટલે શ્રી પર-માત્માના સ્વરૂપ વિના જે જોવું. તેને રસ વિષય એટલે સારાં સારાં ખાનપાનમાં પ્રેમ રાખવો તે. ગંધ વિષય એટલે અનેક પ્રકા-રની સુગંધી લેવી તે. ઉપર લખેલા પાંચ પ્રકારના જે વિષય તેને વશ એટલે તેને આધિ-ન થવું તે જીવપણું કેહેવાય. તે વિષે પ્રમાણુ-શ્રી અષ્ટાવક્ર પોતાના અધિકારી શિષ્ય પ્ર-

સિ૦ તે ઉપદેશ કરે છે મૂલ શ્લોક मुक्तिमि ૫૦
च्छसिचेतातविषयान्विषवत्त्यजक्षमार्जव दया-
૧૭ तोषः सत्यंपीयूषवद्भज. અર્થ શ્રી અ-
ષ્ટાવક્ર મુનિ સત્યવ્રત જનકરાજાને ઉપદેશ
કરે છે કે હે પુત્ર જ્યાં સુધી હૃદામાં વિકા-
રી અવિદ્યા પૂર્ણ છે. ત્યાં સુધી ભલે બ્રહ્મ-
જ્ઞાન કથન કરયા કરે, પણ હૃદયમાં જ્ઞાન ર-
હેતુ નથી અને જો અંતઃકર્ણ શુદ્ધ કરીએ
તો તુરત હૃદયમાં બ્રહ્મ જ્ઞાન સ્થિર થાય છે
માટે સંસારથી નિવૃત થઇને મુકિતની ઈ-
ચ્છા હોય તો વિષયોને વિષની જેમ જાણી
તેમો ત્યાગ કર. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગં- ૧૭

ય એ જે પાંચ વિષય છે તેમે વિષથી પ-
ણ મહાવિષ જાણી ત્યાગ કર. કેમકે વિ-
ષ ખાવાથી એકજ જન્મમાં મૃત્યુ થાય છે
ને પંચ વિષય સેવવાથી કોઈ કાળે પણ
જન્મ મરણનો અંત આવતોજ નથી. ને હૃ-
દામાં મલીનતા છે તે વિષયથીજ છે. માટે
અવશ્ય વિષય ત્યાગવા યોગ્ય છે. તેથી હે
પુત્ર! એ પંચ વિષયમાંથી એક વિષયને ગ્રહણ
કરવાથી પશુ પક્ષી જેવાં મૃત્યુને પામે છે તો
જેના હૃદયમાં પાંચ વિષય ભરયા છે એ-
વા જે મનુષ્ય જાતીનો તો કોઇ કાલે પણ સં-
સાર સાગરનો પાર આવેજ કેમ. માટે હે

સિ૦ પુત્ર. જેમકે શબ્દ વિષય શ્રોત્ર ઇંદ્રિનો ધર્મ પ્ર૦
૨૮ છે. શબ્દવિષયમાં અતિશે જે કોઇ લોભ
કરે છે તે દુઃખજ પામે છે. તે વિષે દૃષ્ટાં-
ત. જેમ કોઇ પારધી મહા વનમાં જઇને
બંસી નામનું મધુર વાજું વગાડે તે મધુર
વાજાની ધ્વની સાંભળીને શબ્દ વિષયમાં વ્યા-
કૂળ થયેલો મૃગ તલ્લીન થઇ, પોતાનુ ભાન
ભૂલી જાય છે. તે બેભાન થયેલા મૃગને પે-
લો પારધી પોતાના શસ્ત્રવડે મારી પોતાનું
કાર્ય સીદ્ધ કરે છે. ॥ ૧ ॥ સ્પર્શ ત્વચા
ઇંદ્રિનો વિષય છે. તેમાં દૃષ્ટાંત. જેમ હાથી ૧૮
ને પકડનારા લોકો મહા વનમાં જઇને કા-

ષ્ટની હાથણી બનાવી તે ઉપર બરાબર રંગ તરેહવાર ચડાવીને જમીનમાં ઉંડો ખાડ ખોદી ઉપર તજવીજથી પેલી બનાવટી હાથણીને ઉભી કરે પછી કામાતુર થયો એવો હાથી પેલી બનાવટી હાથણીને સ્પર્શ કરવા જાય કે તુરત પેલા ખાડમાં પડીને પરવશ થઈ દુઃસહ કષ્ટ ભોગવે છે. માટે હે શિષ્ય બનાવટી ચિત્રની હાથણીને સ્પર્શ કરવાથી પરવંશ થઇ હાથી દુખી થયો ત્યારે સાચી મૂર્તિમાન સ્ત્રીના સંગથી તો દુઃખનું શું કહેવુંજ છે. ॥ ૨ ॥ રૂપ ચક્ષુ ઇંદ્રિનો વિષય છે. તેમાં દૃષ્ટાંત. જેમ દીવાની શિખા

દેદિપ્યમાન જોઈ મોહ વશ થયેલો પતંગ ના- પ્ર૦
સિં૦ મે જંતુ પોતાનો નાશ કરે છે. ॥ ૩ ॥
૧૯ રસ વિષય જીભ ઇંદ્રિનો છે. તેમાં દૃષ્ટાંત
જેમ કોઈ મચ્છીમાર ઢિમર લોઢાના આંક-
કડીઆમાં માંસ વિગેરે ખાવાની વસ્તુ લ-
ગાડી આંકડીઆને દોરી બાંધી પાણીમાં નાં-
ખે છે તે આંકડીઆમાં ખાવાની વસ્તુને માં-
છલી રસનાના સ્વાદમાં આતુર થઇ ખાવા જ-
તાંજ તેના ગળામાં લોઢાનો આંકડીઓ ભ-
રાતાં તુરત મૃત્યુનેજ પામે છે. ને
ગંધ વિષય નાશિકા ઇંદ્રિનો છે. તેમાં દ-
ષ્ટાંત જેમ કોઈ સરોવરમાં શુશોભીત સુગં- ૧૯

દીવાળુ કમલ જોઇ ગંધ મોહને વશ થઈ ભમરો પ્રવેશ કરે છે ને સુગંધના લોભથી નીકળી શકતાં નથી ને સાંજ પડે કમળ બીડાઇ જાય છે ને પેલો ભમરો મૃત્યુને પામે છે. માટે શ્રી અષ્ટાવક્ર કહે છે હે શિષ્ય એ મહા વિષય રૂપ પાંચ પ્રકારનાં જે વિષ છે તે મધેથી એક એક ખાવા (ભોગવવા)થી આવી વ્યવસ્થા થાય છે તો જે મનુષ્ય પ્રાણીને પાંચ વિષય લાગી રહ્યા છે તે પ્રાણી તો જન્મ મર્ણના અંતને પામે-જ કેમ. એટલે જન્મ મર્ણથી મહાકષ્ટને-જ ભોગવે. એ પાંચ વિષયરૂપી પાંચ

સિ૦ વિષને નાશ કરવા સારૂ પાંચ અમૃત સેવ- પ્ર૦
૨૦ વા યોગ્ય છે, તે કહું છું. તે પાંચ વસ્તુ અમૃત કરતાં શ્રેષ્ઠ જાણી દૃઢ કરી સેવન કર. ને અમ્રત પીવાથી એક જન્મ ખટ ઉર્મિ આદિ વિકાર નિવૃત થાય છે ને અધિકારી આ પંચમૃાતથી જન્મ મરણાદિક અનંત દુઃખને નાશ કરી પરમ સુખને પ્રાપ્ત થાય છે. તે પંચામૃતનાં નામ ૧. ક્ષમા, ૨. આર્જવ, ૩. દયા, ૪. સંતોષ ,૫. સત્ય, ક્ષમાનું લક્ષણ જો કોઇ અતિશે દુઃખ દેનાર હોય તેના ઉપર પણ ક્રોધ કરવો નહી, શબ્દ વિષય આકાશનો ધર્મ છે. તે ભલા બુરા ૨૦

શબ્દ રૂપી વિષને શ્રોત્ર ઈંદ્રિથી ગ્રહણ કરી-
ને ક્ષમારૂપી મહા અમૃતમાં લીન કરવું.
દૃષ્ટાંત એક સમય દૈત્યોથી હાર પામી ઈં-
દ્ર દેવતાઓ સહિત ભયભીત થઇને દધિચી
ઋષી પાસે ગયો ને બોલ્યો કે હે ઋષીરાય
આપ સાક્ષાત પરમાર્થ સ્વરૂપ છો ને દેહા-
દિ પદાર્થ અનિત્ય જાણો છો માટે હે કૃ-
પાનાથ આપના શરીરનું અસ્થિ આપો. તે-
નું અમો વજ્ર નામનું આયુધ બનાવી દૈ-
ત્યોનો નાશ કરી અકંટક રાજ્ય કરીએ. આ-
વી રીતે ઈંદ્ર રાજાએ પ્રાણઘાતક વચન ક-
હ્યું તે સાંભળી અતિ શાંત મૂર્તિ દધિચી ઋ-

પીએ શબ્દ વિષયરૂપ વિષને ક્ષમારૂપી અ-
૧૨ મૃતમાં લીન કરી ક્ષોભ રહિત થઇ પોતા-
નો દેહ આપી દીધો પણ કિંચિત્માત્ર ક્રો-
ધ કરયો નહિ. ઇતિ ક્ષમા લક્ષણ. અથ આ
ર્જવ લક્ષણ જેમ સમુદ્રમાં જે વસ્તુ નાખી-
એ તે સર્વે સમાઇ જાય ને સમુદ્ર પોતે
ક્ષોભ પામે નહી. તેમ આર્જવવાન પુરૂષને કોઇ
સુખ અથવા દુઃખ આપે તે સર્વે -હ્રદયરૂપી
સમુદ્રમાં સમાવે ને ક્ષોભ પામે નહી
સ્પર્શ વિષય વાયુ તત્વનો ગુણ છે. તે સુ-
ખ દુઃખરૂપી વિષનું ત્વચા ઇંદ્રિથી ગ્રહણ ૨૧
કરી આર્જવનામ મહા અમૃતમાં લીન કર-

શું. તેમાં દૃષ્ટાંત-જેમ રહુગણ રાજા જ્ઞાન ઉપદેશ લેવા સારૂ કપીલ મુની પાસે ચાલ્યો. ને રસ્તામાં પાલખી ઉપાડનારમાંથી એક ભોઇ થાકયો ત્યારે ભોઇ લોકોનો જમાદાર રસ્તે જતાં મહાત્મા જડભરતને રૂષ્ટ પુષ્ટ જાણી પેલા ભોઇ લોકો સાથે પાલખીમાં જોડી દીધા. તેમજ જડ ભરત પાલખી ઉપાડી રસ્તે જીવ જંતુને બચાવી ચાલવા લાગ્યા. ને રાજાની પાલખી ઉંધી સુધી થવા લાગી ત્યારે રાજા ક્રોધ કરી બોલ્યો અરે મિથ્યા પુષ્ટ તુ શરીરે દુબળો છે તેથી તારાથી ચલાતુ નથી તેવું સાંભળી

સિ૦ તે વચનને હૃદા સમુદ્રમાં લીન કરી શાંત- ૫૦
પણે મહા રૂષી જડભરત રાજા પ્રતે બો-
૨૨ લ્યા. હે રાજા તારૂ કહેવું ખરૂં છે હું મિ-
થ્યા પુષ્ટ છું. કારણ કે પુષ્ટપણું ને કૃશ-
પણું એ શરીરના ધર્મનો મારા સ્વરૂપ-
માં સંબંધ નથી. એવી રીતે જ્ઞાનમય
મહાઋષી જડભરતનાં વચન સાંભળી રાજા
પાલખીમાંથી ઉતરી સ્તુતિ કરી ચરણમાં
પડી મનવાંચ્છીત જ્ઞાન પામી કૃતાર્થ થ-
ઇ સ્વદેશ પ્રત્યે ગયો. એવી રીતે જડભર-
તને રાજાએ દુઃખ આપ્યું તોય પોતાની
ગંભીરતા ન મુકતાં રાજાને જ્ઞાન આપી કૃ- ૨૨

તાર્થ કરચો. ઇતિ આર્જવ લક્ષણ. ૩ અથ દ-
યા લક્ષણ. જો કોઇ અતિશે દુઃખ આપનાર
હોય તો પણ તેના ઉપર ક્રોધ નહી કરતાં
શ્રી પરમાત્મા પાસે વિનંતી કરે કે હે પ્રભુ
આ નિર્દય દુઃખદાઇને આપ કૃપા કરીને સા-
રી મતિ આપો જેથી એનું કલ્યાણ થાય.
રૂપ વિષય તેજ તત્વનો ગુણ છે. ચિત્ર વિ-
ચિત્રાદિક વિષયને નેત્ર ઇંદ્રિથી ગ્રહણ કરી
દયા નામ મહા અમૃતમાં લીન કરવું. તે-
માં દૃષ્ટાંત. હિરણ્યકશિપુની સ્ત્રી ગર્ભવંતી
હતી ત્યારે શ્રી નારદ ઋષીએ તે ગર્ભમાં ર-
હેલા પ્રહલ્લાદજીને ઉપદેશ કરચો હતો કે

સિ૦ હે પુત્ર શ્રી નારાયણ સર્વ વ્યાપી છે. ને પ્ર૦
સર્વ વિભુતિ માત્ર બ્રહ્મમય છે. એવું જ્ઞાન
૨૩ સાંભળીને જન્મ થયા પછી જળ સ્થલ વિ-
ગેરે અચરાચરમાં બ્રહ્મરૂપ જોવા લાગ્યા. પ-
છી હિરણ્યકશિપુ રાજાની આજ્ઞાથી રાજ્ય-
નીતિ વિગેરે વહેવારી સામ, દામ, ભેદ, દંડ
આદિ ભણાવવા પ્રયત્ન કર્યો. પણ પ્રહલા-
દજી તો એક શ્રી પરમાત્મા વિના યાવત્
પદાર્થ મિથ્યાજ જાણતા હતા તેથી રાજ્ય
નીતિમાં લક્ષ આપ્યું નહી. ત્યારે હિરણ્યા-
કશિપુએ ક્રોધ કરી ખડગ લઈ કહ્યું કે રે ૨૩
મૂર્ખ પુત્ર તારો રામ ક્યાં છે બતાવ ત્યારે

પ્રહ્‌લાદજીએ કહ્યું કે સચરાચરમાં વ્યાપક છે રામ વિના કોઈ ઠામ ઠાલો નથી યાવત્ જગત રામરૂપજ છે. તારામાં મારામાં ખડગ સ્થંભમાં સર્વત્ર છે. એવું પ્રહ્‌લાદ ભક્તનું વચન સાંભલી શ્રી વ્યાપક પરમાત્મા સ્થંભ ફોડી પ્રગટ થયા ને હિરણ્યકશિપુનાં પાપથી તેનોજ નાશ કરયો ને હાથ જોડી ઉભેલા પ્રહ્‌લાદને શ્રી નરસિંહ ભગવાને કહ્યું કે હે પ્રહ્‌લાદ વર માગ ત્યારે દયાયુત પ્રહ્‌લાદે શ્રી નરસિંહ ભગવાન પ્રત્યે વિનય પુર્વક કહ્યું કે હે કૃપાનાથ આ સર્વે દૈત્યો ઉપર કૃપા કરો ને એ

સિ૦ ઓને ફરી બુધ્ધી આપો જેથી સર્વે આપની પ્ર૦
અખંડ ભક્તિ કરી આપનેજ પામે. શ્રી
૨૪ અષ્ટાવક્ર કહે છે હે શિષ્ય આવી રીતે પ્રહ-
લાદજીએ પોતાને દુઃખ દેનારા દૈત્યો ઉપર
કોપ નહિ કરતાં અપકારને બદલે દયા કરી
એજ દયાવાન ભક્તોનાં લક્ષણ છે. ઇતિ દ-
યા લક્ષણ ।। ૩ ।। અથ સંતોષ લક્ષણ જે-
મ સમુદ્ર સુખ દુઃખાદિ પ્રાપ્તી અપ્રાપ્તી થ-
વાથી હર્ષ શોક રહિત પોતાની ગંભીરતા
માં નિમગ્ન રહે છે. તેમ સંતોષી લાભ હા-
ણમાં સમતા જાણી સદાય નિમગ્ન રહે છે તે-
મજ રસ વિષય જલ તત્વના ગુણ છે. ૨૪

ષ્ટરસાદિક વિષય રસના ઇંદ્રિથી ગ્રહણ ક-
રી સંતોષ નામ મહા અમૃતમાં લીન ક-
રે તેમાં દૃષ્ટાંત. જેમ હરિશ્ચંદ્ર રાજાએ
અનંત વૈભવોમાં રહી સુખ માન્યુ નહી
ને પોતે ચંડાળને ઘેર વેચાયા અને સ્ત્રી
પુત્રાદિ સહિત દુઃસહ કષ્ટ પડતાં કિંચિ-
ત્ માત્ર દુઃખ ન માની પોતાની સ્થિતિ-
માં અચલ રહ્યા તેમ સંતોષી પુરૂષ અનંત
સુખ દુઃખાદિની પ્રાપ્તી થવાથી સંતોષમાં
નિમગ્ન રહિ, અચલ રહે. ઈતિ સંતોષ લ-
ક્ષણ ॥૪॥ અથ સત્ય લક્ષણ. એક બ્રહ્મસત્ય તે

સિ૦ વિના યાવત્ જગત પ્રપંચ મિથ્યા જાણી સ- પ્ર૦
ર્વે ઇંદ્રિયો તથા મનને નિયમમાં રાખી સત્ય
૨૫ બ્રહ્મવિષે નિષ્ટાવાન થઇ જ્ઞાન પ્રકાશ પામી
પરમપદમાં લીન થવું. ને ગંધ વિષય પૃથવી
તત્વનો ગુણ છે માટે સુગંધિ દુર્ગંધિ નાશિકા
ઇંદ્રિથી ગ્રહણ કરી સત્યરૂપી મહા અમૃતમાં
લય કરવું. તેમાં દૃષ્ટાંત જેમ રાજા યુધિષ્ટિર
શ્રીકૃષ્ણ પરમાત્મા સ્વધામ પધાર્યાનું સાં-
ભળીએક શ્રીકૃષ્ણ પરમાત્મા જ સત્યછે તે વિ-
ના યાવત્ દૃષ્ટિ ગોચર અસત્ય જાણી રાજ્ય
વૈભવ તૃણા તુલ્ય સમજી જડવત્ થઈ સત્ય
બ્રહ્મ શ્રી કૃષ્ણ પરમાત્મામાં તલ્લીન થઇ મ- ૨૫

હા પંથ જે હિમાલયમાં ગયા. શ્રી અષ્ટાવક્ર કહે છે હે શિષ્ય એવી રીતે પંચવિષયરૂપ પાંચ વિષને પાંચ અમૃતમાં લય કરી પરમપદમાં લીન થવુ. ને પંચવિષય મહા વિષરૂપ જાણી ત્યાગ કરી પંચામૃત ધારી સ્વરૂપાકાર થવું. ઈતિ સત્ય લક્ષણ ।। ૫ ।।
એવી રીતે સંત મ્હાત્માએ અંતરમાંથી અનુંક્રમે દુર્ગુણ ત્યાગી સદગુણ ધારણ કરવાં. કામાદીક કહેતાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહંકાર, કામ એટલે વિષયઆસકિત, ક્રોધ એટલે કારણ વિના વ્રથા લડાઈ બકવાદ તે. લોભ એટલે શુભ કાર્યમાં દ્રવ્યનું

સિ૦ ખરચ ન કરવું ને યથા દ્રવ્ય સંગ્રહ કર- પ્ર૦
૨૬ વું તે. મોહ એટલે શુભ અશુભ વિવેક ર-
હિત અયોગ્ય વસ્તુમાં આસકિત તે, મદ
એટલે અણઘટતું વ્યર્થ અભીમાન તે. મત્સ-
ર એટલે અંતરમાં બીજાનું ઉતકરષ્ટ સહુન ન
થાય તે. એ કામાદિક તેમાં પ્રીત એ જીવ ધ-
ર્મ છે. દેહ ઈંદ્રિયસુખ એટલે કેવળ પોતા-
નો દેહ ઇંદ્રિઆદિક સુખની ઇચ્છાવાળો શિ-
શ્નોદરપરાયણ જે સદા રહે છે તે જીવપ-
ણાની રીત છે. ॥ ૨૦ ॥ તેમજ પુત્ર, દ્રવ્ય,
સ્ત્રી,ઘર તેમાં ભરપુર કહીયે અતિશય આશ- ૨૬
કિત રાખે ને સતગુરૂના પદ જે ચરણ કમલ

તેથી તો ફરજ રહે એ જીવ લક્ષણ ॥૨૧॥
એવો આસુરી સંપત્તિવાળો જે જીવ તે લ-
ક્ષ ચોરાશીમાં ભટકતો રહે. ચોરાશી એ-
ટલે ચોરાશી લક્ષ અવતાર ધારણ કરે. ચો-
રાશીની ચાર ખાણ ઉદ્ભિજ, અંડજ, સ્વેદ-
જ, જરાયુજ, એ દરેક ખાણમાં એકવીસ એક-
વીસ લાખ જાતના જીવ એટલે પ્રથમ ઉદ્ભિજ
પૃથ્વીને ભેદીને ઉતપન્ન થાય. જેવાં કે ઝાડા-
દિક તે એકવીશ લાખ જાતિના અવતાર
ધારણ કરવા પડે. જે જીવ ઇંડામાંથી ઉત્પ-
ન્ન થાય તે ઈંડજ ખાણ તે પણ એકવીસ
લાખ જાતના અવતાર જેવાં કે મોર, સર્પ

સિ૦ વીગેરે. સ્વેદજ એટલે જે પરસેવાથી ઉત્પ- પ્ર૦
૨૭ ન થાય તે જેવાં કે ચાંચડ માંકણ વિગેરે
તેવા એકવિશ લાખ અવતાર. જરાયુજ એટ-
લે જેના ઉપર ઓર લપેટેલી હોય તે મ-
નુષ્ય, પશુ વિગેરે એકવીસ લાખ જાતી. એ-
વી રીતે એકવીશ ચોકુ ચોરાશી લાખ અ-
વતાર જીવપણાનાં લક્ષણથી પ્રાપ્ત થાય છે.
એ દુ:ખરૂપ ચોરાશી મટાડવી હોય તો
જીવ લક્ષણ તજી શ્રી હરિગુરૂ સંતની પ્રેમ
પુર્વક અચળ ભકિત. જેનાં લક્ષણ આગળ
કેહેવાશે. તે કરે તોજ ચોરાશી યોનિ વ્રત
થાય ॥ ૨૨ ॥ એવી રીતે શ્રી રવિરામ ૨૭

સ્વામીએ શાસ્ત્રની સંમતિથી જીવ સ્વરૂપ એટલે જીવ લક્ષણ કહ્યું. જે જીવપણાને ધારી આ અનંત દુઃખરૂપ ચોરાશીના ફેરા ફરવા પડે છે. તે જીવનું વર્ણન સંક્ષેપથી કર્યું. હવે શિવ જે ઇશ્વર સ્વરૂપ તેને શ્રી રવિરામ સ્વામી વેદના વચન પ્રમાણે કહે છે. ॥ ૨૩ ॥ **मूल; शुद्ध सत्व माया विषे, आभासे चेतन; अधिष्ठान मिलि रुप शिव, रवि कहे मुनिजन ॥ २४ ॥** (શિવ સ્વરૂપ) શુદ્ધ સત્વ કહીયે. રજોગુણ તમોગુણને દબાવીને જે મુખ્યતાથી રહે તે શુદ્ધ સત્વગુણવાળી માયા તે માયામાં ચેતન આભાસે

સિ૦ કહીયે. પ્રકાશે એટલે ચેતનનું પ્રતિબિંબ પ્ર૦
૨૮ જેમ મહા જળમાં સૂર્યનું પ્રતીબિંબ પડે
છે તેમ અધિષ્ઠાન કહીયે માયા (શુદ્ધ ચે-
તનના એક ભાગમાં રહેનારી) નું આધા-
રરૂપ ઈશ્વરનું વાસ્તવ સ્વરૂપ તે અધિષ્ઠાન
મળી કહીયે. સહિત એટલે શુદ્ધ સાત્વિકી
માયા તેમાં ચેતનનો આભાસ તથા ઉપર
કહયો જે અધિષ્ઠાન તે ત્રણે મળી ઇશ્વરનું
વાચ્ય સ્વરૂપ છે તે શિવ એટલે ઈશ્વર સ-
ર્વ જગતના કર્તા તથા જીવોના કર્માનુસાર
ફળદાતા, અંતર્યામી તથા મુકત છે એમ શ્રી ૨૮
રવિરામ સ્વામી કેહે છે. મુનિ કહીયે

મનનશિલ મહાત્માઓનો અભિપ્રાય છે તે વેદાનુસાર છે ॥ ૨૪ ॥ मूल; किंचित् माया मोहनो, जेने नथी संबंध; फळदाता शिवरूप ते, सुखी सदा निर्बंध ॥ २५ ॥ ટીકા—શુદ્ધ સાત્વિકી માયા જેની ઉપાધી છે એવા જે ઈશ્વર તેમને કિંચિત્ કહીયે. રતી માત્ર પણ મોહ પ્રમાદનો સંબંધ નથી. ને જે જીવ કર્મ કરે છે તેને ફળ આપનાર તે ઈશ્વર છે. ને પોતે સ્વસ્વરૂપમાં અખંડ સુખી રહે છે. ને નિર્બંધ એટલે અજ્ઞાનરૂપ બંધનનો જેને લેશ માત્ર પણ સંબંધ નથી ॥ ૨૫ ॥ मूल; अंतर्यामी शिव

સિ૦ सदा, माया राहित विकार; काळ कर्म व्यापे ૫૦
नहि, शुद्ध स्वरूप अपार ॥ २६ ॥ ટીકા—
૨૯ શિવ જે ઈશ્વર અંતર્યામી એટલે પ્રાણીમા-
ત્રના હૃદયમાં પ્રેરણા કર્તા છે. શિવ સદા ક-
હેતાં નિરંતર કલ્યાણરૂપ છે ને માયાના
વિકારથી રહિત છે કાલ કર્મ એટલે ભૂત, ભ-
વિષ્ય, વર્તમાન તથા શુભાશુભ કર્મ તેને
વ્યાપતા નથી કારણ કે પોતે શુદ્ધ સ્વરૂપ
એટલે અવિદ્યાદિક જે પ્રપંચ તેથી રહિત શુ-
દ્ધ સ્વરૂપ છે. અપાર કહેતાં દેશ કાલ તથા
વસ્તુ પરિચ્છેદથી રહિત છે. એટલે વ્યા
પક કહેવાથી દેશકૃત ભેદ નથી. તેમ (નિ- ૨૯

ત્ય હોવાથી કાલકૃત ભેદ નથી) તેમ સર્વ આત્મા હોવાથી વસ્તુકૃત ભેદ નથી. ઉપરનાં વિશેષણ સહિત ઈશ્વર કહેવાય ॥ ૨૬॥

मूल; माया शक्ति शिवनी, जीव शक्ति अज्ञान; बे उपाधिने तजे, तो पामे पद निर्वाण ॥ २७॥ ટીકા—માયા શકિત કહેતાં શુદ્ધ સાત્વિકી માયા ઉપાધિ છે જેની તે ઉપાધિથીજ શિવ, ઇશ્વરપણું, કલ્પાયું છે. જો તે ઉપાધિને તથા અંતર્યામી કર્મ ફળ દાતા વીગેરે ઉપાધીના ધર્મોને ગ્રહણ ન કરાયતો ઇશ્વરપણું નથી. પણ શુદ્ધ અકર્તા, અભોગકતા સ્વરૂપ છે. તેમજ અજ્ઞાન કહેતાં

સિ૦ તામસ અવિદ્યા ઉપાધિ જીવની ને કર્મકર્તા પ્ર૦
શુભાશુભ ફળ ભોકતાદીક ઉપાધિના ધર્મ તે-
30 થી જીવપણું છે. જો તે ઉપાધી શ્રી ગુરૂબો-
ધથી દૂર થાય તો પછી જીવપણું મટી શુ-
દ્ધ સ્વરૂપ થાય છે એટલે ઉપાધી ભેદથી
શીવ જીવ બેપણું કલ્પાયું છે. જો ઉપાધી દૂ-
ર થાય તો નિર્વાણ કહેતાં શુદ્ધ સ્વરૂપ
મોક્ષ રૂપજ છે. માત્ર ઉપાધી ભેદેભેદ છે ॥૨૭॥

मूल; अविद्या विद्या जो टले, तो नाहि जीव नही शिव; नाम रुपथी भीन्नछे, साक्षी शुद्ध सदिव॥ २८ ॥ ટીકા.—અવિદ્યા એટલે મલિન
અવિદ્યા જે પૂર્વે કહી આવ્યા તે ઉપાધિ જીવની. 30

ને જે પૂર્વે શુદ્ધ માયા કહી તે ઉપાધિ શિવની. એ ઉપાધિની દ્રષ્ટિ નીવૃત થાય તો જીવ શિવ એ નામ પણ રહે નહિ પછી નામરૂપથી ભીન્ન એટલે નામરૂપથી રહિત. અસ્તિ ભાતિ પ્રિયરૂપ સર્વમાં અનુગત મનવાણીનો જે વિષય નથી એવા શુદ્ધ પરમાત્મા છે. તે વિષે દ્રષ્ટાંત. જેમ પ્રથ્વીપતિરાજાને ખેતિ કરનાર જે ખેડુ એ બંનેનુ મનુષ્યપણું જોતાં એકજ છે. માત્ર રાજાપણું તે એની ઉપાધિ જે ચતુરંગી સેના, ઘોડા, હાથી, રથ, પેદલ, ફોજ વિગેરે રાજધાની તે ઉપાધિથીજ રાજા. જો રાજાની ઉપાધિની દ્રષ્ટિને દૂર કરીયે તો પછી મા-

સિ૦ ત્ર મનુષ્યજ છે. તેમજ ખેડુની જે ખેતિની પ્ર૦
સામગ્રી ગાડુ. બલદ વિગેરે ઉપાધિ છે. તે-
૩૧ ને દૂર કરીયે તો પછી ખેડુપણું છેજ નહી
માત્ર મનુષ્ય છે. બેઉ ઉપાધિની દ્રષ્ટિને ત્યાગ
કરવાથી મનુષ્યપણામાં ભેદજ નથી. તેમ સિ-
દ્ધાંતમાં શુદ્ધ સાત્વિકીમાયા ઉપાધિથી (શિ-
વ કહેતાં ઈશ્વર)ને મલીન અવિદ્યા ઉપાધિથી
જીવ એ બન્નેની ઉપાધિની દ્રષ્ટિ ત્યાગ કરી-
એ તો શુદ્ધ અકર્તા, અભોગકતા, સાક્ષાત પો-
તેજછે. નામરૂપથી રહિત સર્વનો સાક્ષી જે લ
ક્ષયાર્થ શુદ્ધ અખંડ સદિવ કહેતાં નિરંતર સુખ
રૂપજ છે. ॥૨૮॥ मूल; मलिन अविद्यायोगथी, ૩૨

जीवपणुंकहेवाय; शुद्ध सत्वमाया थकी ईश्व-
रता दरशाय ॥२९। ટીકા—પંચદશીનો શ્લોક

माया मासेन जीवेशौकरोतीति श्रुतत्वतः ।
कल्पितावेव जीवेशौताभ्यां सर्वं प्रकल्पितम् ॥
।। १ ॥ અર્થ—માયા આભાસ વડે કરી જીવ ત-
થા ઈશ્વરને કરે છે. એમ શ્રુતિમાં કહેલું છે, એ-
ટલે. જીવ તથા ઈશ્વર બન્ને કલ્પિત છે. અ-
ને તે જીવ તથા ઈશ્વર બન્નેએ સર્વ જગ-
ત્ કલ્પેલું અર્થાત તત્વવિવેક નામ પ્રકરણમાં.
વિદ્યારણ્ય મુનિએ चिदानंदमय ब्रह्मप्रतिबिंब
तमासमान्विता। तमोरज सत्वगुणा प्रकृतिर्द्वि-
विनोचसा।। ઈત્યાદિ ગ્રંથથી નિરૂપણ કર્યું કે

સિ૦ ચિદાનંદમય જે બ્રહ્મ તેના પ્રતિબિંબે કરી પ્ર૦
યુકત અને ત્રિગુણાત્મિકા જે પ્રકૃતિ છે તેજ
૩૨ સત્વગુણની શુદ્ધતાને લેઇને માયા અને સ-
ત્વગુણની અશુંદ્ધતાને લઈને અવિદ્યા મનાય
છે. માયાને વિષે પ્રતિબિંબિત બ્રહ્મ તે માયા-
ને પોતાને વશ કરી સર્વજ્ઞ ઈશ્વર કહેવાય
છે. અને અવિદ્યાને વશ થએલો જીવ
તે અવિદ્યાના વૈચિત્ર્યને લીધે અનેક પ્રકાર-
નો થાય છે. તે અવિદ્યા કારણ શરીર કહે-
વાય છે. અને તદ અભીમાની પ્રાજ્ઞ કહે-
વાય છે આજ અર્થને હૃદયગત કરી. જીવે
शात्वावसेन करोतिमाया विद्या च स्वय मे- ૩૨

वभवतिः જીવ ઇશ્વરને આભાસે કરી કરે છે. અને માયા અવિદ્યા પોતેજ થાય છે. આ શ્રુતિ પ્રવૃત થએલી છે. અને એજ અર્થ ઉપરના શ્લોકમાં કહેવામાં આવ્યો છે. ॥૩॥

मूल;जीवअविद्यावश थइ, करे कर्म फल आस;
शिव माया संयोगथी, फलदाता मकाश।३०।अविद्याविद्याथीथयुं, जीव शिव ए नाम; बे उपाधि
अलगी करे, तो सदा शुद्ध सुखधाम ॥३१॥
गुरुविनानुं जीवने, नही मोक्ष सुख धाम;
शिवसदा साक्षात छे, बोध तणुं शुं काम॥ ३२॥

ટીકા—અવિદ્યા માયાને વશ છે. જીવ તેને શ્રી

સિ૦ ગુરૂદ્વારા ઉપદેશની જરૂર છે ને શુદ્ધ સાત્વિ- પ્ર૦
33 કીમાયાથી જે ઇશ્વર શુદ્ધ છે તેમને ગુરૂશા-
સ્ત્રાદિ ઉપદેશવિના મોક્ષરૂપજ છે. માટે શિ-
વં જે કલ્યાણરૂપ ઈશ્વર તેમને બોધની અ-
પેક્ષા નથી ।। ૨૯-૩૦-૩૧-૩૨।। **मूल; जी-**
वपणाने टालवा, प्रथम करे शुभकर्म; नित्य
नेम आचारने, पाले सदा स्वधर्म ॥ ३३ ॥
ટીકા-જીવપણું જે લક્ષ ચોરાશીમાં ફેરવનાર
છે તે જીવપણું એટલે જીવનાં જે લક્ષણ તેને
ટાળવાં. પ્રથમ શુભ કર્મ કરે. કર્મ બે પ્રકાર-
નાં છે. ૧. વિહીત, ૨. નિષિદ્ધ. તેમાં વિ- 33
હીત એટલે જે કરવાની વેદ શાસ્ત્રે આજ્ઞા

કરી છે તે કર્મ ચાર પ્રકારનાં છે. ૧ નિત્ય, ૨. નૈમિત્તિક, ૩. કામ્ય, ૪.પ્રાયશ્ચિત. નિત્ય એટલે પ્રાતઃકાલમાં નિત્ય સ્નાન સંધ્યા ગુરૂ ઈશ્વરની સ્તુતી, વંદન, દર્શન તથા ગીતાદિક પાઠના નીયમ તે. નૈમિતિક એટલે ગ્રહણમાં સ્નાન, દાન તથા ભગવતદર્શન, સ્મરણાદીક સદાચાર તથા શ્રાદ્ધમાં બ્રાહ્મણાદિ ભોજન તથા બ્રાહ્મણદ્વારા,પિત્ર પૂજન તથા અભ્યાગતને અન્ન આપવું તે. કામ્ય એટલે પુત્ર સ્ત્રી ધનાદિ ફળની ઈચ્છા કરીને જે પુત્રેષ્ટિ તથા સ્વર્ગને માટે અગ્નિષ્ટોમાદિ યજ્ઞ કરવા તે. પ્રાયશ્ચિત બે પ્રકારનાં છે. સાધારણ તથા અસા-

સિ૦ ધારણ. સાધારણ એટલે ઇશ્વર નામોચારણ તથા પ્ર૦
૩૪ ગંગા સ્નાનાદિ જ્ઞાત અજ્ઞાત પાપ નાશક.
અસાધારણ એટલે જ્ઞાત પાપને નિવૃતિ કર-
વાંના ઉપાયરૂપ ધર્મ શાસ્ત્ર જે જે વિધાન કર્યું
હોય તે જેમ બ્રહ્મહત્યાના પાપને નિવૃતિ કરવા-
માં અશ્વમેધ યજ્ઞાદિ તે. નિષેધ એટલે મદી-
રા, માંસ, લસન, ડુંગલી, જુગટું, વેશ્યા,
ચોરી, અફીણ, ગાંજો, ભાંગ, વિગેરે પરસ્ત્રી-
ગમનાદિ ગ્રહસ્થને અને ત્યાગીને સર્વ સ્ત્રી
માત્રનો ત્યાગ કરવો તે. વેદમાં કહ્યું છે તેન
કરવું તે નિષેધકહીયે. જે કરવાની વેદ શાસ્ત્ર ૩૪
ના પાડી છે એ નિષેધકર્મોને ત્યાગીને વિહિત

નિષ્કામ કર્મ કરવાં ॥ ૩૩ ॥ मूल; एम क र्मथी मेलनो, करी अंतरथी त्याग; पछी उ- पासना आदरे, सहित परम अनुराग॥ ३४॥ जो कर्म करे सकाम तो, धरे अवतार अपार; पुन्य पाप त्यां भोगवे, सुख दुःखरुप वि- कार ॥ ३५ ॥ माटे कर्म सकामने, करे नहि बुद्धिमान; निष्काम कर्मथी मेलने, हरे रहित अभिमान ॥ ३६ ॥

ટીકા—એવી-રીતે નિષ્કામ કર્મથી અંતર મેલ દૂર કરી ઉપાસનાનો આરંભ કરે. અ- તી પ્રીતથી આદરે તે નહી કરતાં જો સકા-

સિ૦ મ કર્મ એટલે ફલની ઈચ્છાથી કરે તો, જે- પ્ર૦
નો પાર ન આવે એવી અસંખ્ય યોનીમાં
૩૫ ભટકે. ને જે શુભાશુભ કર્મ કર્યાં હોય તેનાં
ફલ સુખદુ:ખ ભોગવે પણ જન્મ મરણ મટે
નહિ. માટે બુધિમાન પુરૂષ નિરાભિમાની થઇ
નિષ્કામ કર્મ કરી અંતર મેલને ત્યાગે તો-
જ દુ:ખરૂપી અનંત યોનિનો પાર આવે;
નહિ તો સકામી થઈને અસંખ્ય યોનિમાં
અથડાયાં કરે તેટલા માટે શ્રી રવિરામ સ્વા-
મી કહે છે કે નિષ્કામ કમ પરિપકવ કરી
પછી ઉપાસનાનો આરંભ કરે ॥ ૩૪ ॥
॥ ૩૫ ॥ ૩૬ ॥ **मूल; एटलुं करी उपासना,** ૩૫

करे सगुण सुखरूप; रामकृष्ण अवतारने,
सेवे थइ तद्रूप ॥३७॥ टीका—એવી રીતે પ્રથમ નિષ્કામ શુભકર્મથી અંતઃકરણના મળ (પાપ) દોષને દૂર કરી પછી વિક્ષેપ જે ચંચલતા દોષને દૂર કરવા. પ્રથમ સગુણ ઉપાસના શ્રી રામકૃષ્ણ અવતારની અનન્યપણાથી એક ચિતે કરે એટલે સગુણ મૂર્તિનું ધ્યાન પ્રથમ ચરણથી આરંભી મસ્તક પર્યંત કરે ને તદ્રૂપ થઈ જાય. માનસી સેવા એટલે મનથી ૧ આવાહન, ૨ આસન, ૩ અર્ધપાદ્ય (ચરણ પ્રક્ષાલન તથા ચંદન પુષ્પ વિગેરે ચડાવવું તે) ૪ આચમન, ૫ સ્નાન, ૬

સિ૦ વસ્ત્ર, ૭ ઉપવીત, ૮ પુષ્પ, ૯ સુગંધીવાળા પ- પ્ર૦
૩૬ દાર્થ જેવા અગરબત્તિ, ધુપ દીપ વિગેરે. ૧૦ અલં
કાર ધરાવવા તે, ૧૧ નૈવેદ્ય, ૧૨ તાંબુલ,
૧૩ પ્રદક્ષિણા કરવી, ૧૪ નમસ્કાર, ૧૫
સ્તુતિ, ૧૬ આરતી કરવી તે પછી વિસ-
ર્જન કરવું. ઉપર કહ્યા પ્રમાણે માનસિક
પુજા કરે. પણ પુજા સમયે મનના અંતર
શ્રી સગુણરૂપમાં તલ્લીન થઇ જાય. કહ્યું
છે કે देवोभूत्वा देवंयजेत् ॥ અર્થ દેવરૂપ
થઇને દેવને પુજે કામમાં વૃત્તિ જવા દેવી
નહી તે મૂર્તિરૂપ થઇ જવું, ત્યારે દયાન ૩૬
કહેવાય. માટે પ્રથમ સગુણ ઉપાસના કરવી

જે મૂર્તિ ઉપર રૂચિ હોય તે મૂર્તિને અંતરમાં સ્થાપન કરવી અથવા મૂર્તિમાન શ્રીગુરૂનું ધ્યાન ધરવું એજ ઉત્તમ ઉપાસના છે. એમ સગુણ ઉપાસનામાં ચિત્ત સ્થિર થયા પછી નિર્ગુણ જે પરમાત્માનું નિરાકાર સ્વરૂપ છે તેને સ્વ આત્માથી અભિન્નરૂપ ધારીને તેમાં ચિત્તને તલ્લીન કરે. કૈવલ્યોપનિષદમાં કહ્યું છે કે-हृत्पुंडरीकं विरजंविशुद्धं विचिंत्य मध्ये विशदं विशोकं-અર્થ -હૃદયરૂપ કમલને રજોગુણ તમોગુણથી રહિત શુદ્ધ કરીને તે -હૃદય કમલની મધ્યમાં ઉજ્વલ દેદિપ્યમાન પ્રકાશ તથા શોક રહિ-

ત એવા બ્રહ્મ સ્વરૂપનું સજાતીય વૃત્તિના
પ્રવાહ રૂપ ચિંતન કરવું એટલાજ વાસ્તે
શ્રીરવિરામ સ્વામીએ પ્રથમ કર્મ પછી ઉ-
પાસનાનું વિવેચન કર્યું છે. मूल; अेम स-
**गुण सेवा करी, मूकी मननी तांण; उपा-
सना निर्गुण करे, धरे ध्यान निर्वांण॥३८॥**
ટીકા—કેટલાક મનમુખી પુરૂષોના વચનનો
પુર્વ ઉત્તર વિચાર નહિ કરતાં નાસ્તિકોના
સંગથી મનની તાણ એટલે મત મતાંતર-
માં જઈને દુરાગૃહથી ખેંચ તાણ કરી શ-
બ્દનું તાત્પર્યં જોયા વિના વેદ શાસ્ત્ર વિ-
હીત એવા કર્મ ઉપાસનાની નિંદા કરીને

કેવલ દુઃખનેજ એટલે લક્ષચોરાશીને ભોગ-
વે છે. માટે કોઈ દેવની તથા ધર્મ કરમ
ઉપાસનાની નિંધા ન કરવી એમ સંત પુ-
રૂષોએ દયા કરીને કહ્યું છે કે નિંધા કરવા
માં બહુ પાપ છે તેમાં પ્રમાણ. **पापीनाम्
पापगणनामायःकरोतिनराधमः सत्यत्वे तुल्य
पापीस्यात् मिथ्यात्वोद्विगुणीभवेत्** ॥ પાપી
પુરૂષોના પાપોની ગણના જે કરે છે તે
નિંદક પુરૂષ નરોમાં અધમ છે કેમકેજેની
નિંધા કરે છે તે સાચી હોયતો તે નિંદક પુરૂ
ષપણ તેવોજ પાપી થાય છે. ને જો નિંધા
ખોટી હોય તો ઉલટો નિંદક બમણો પાપી

સિ૦ થાય છે માટે વિવેકી પુરૂષોએ કોઇનિ નિંદ્યા પ્ર૦
ન કરતાં પોતાના દોષો ટાળવા વાસ્તે દૈવિ
૩૮ સંપત્તિના ગુણો મૈત્રિ કરૂણાદિ તથા યમ
નિયમાદી ધારવાને જેમ શાસ્ત્રમાં વિધાન
કરચું હોય તેમ અનુક્રમે કર્મ તથા સગુણ
ઉપાસના તથા નિર્ગુણ ઉપાસનાને કરી મલ
વિક્ષેપ દોષ નિવૃત કરી પછી શુદ્ધ જ્ઞાનનો
પાત્ર થાય છે. જેમ વસ્ત્ર મેલુ હોય તો રં-
ગ લાગે નહી જ્યારે સાબુ વિગેરેથી સ્વચ્છ
કરીએ ત્યારે સુશોભિત રંગ લાગે તેમ જ્યાં
સુધી અંતઃકરણ મલ વિક્ષેપરૂપ દોષથી દુ- ૩૮
ષિત છે ત્યાં સુધી શુદ્ધજ્ઞાનરૂપ રંગ લાગે-

જ નહિ માટે સતપુરૂષો વારંવાર પોકારીને કહે છે કે પ્રથમ નિષ્કામ કર્મ પછી સગુણ ઉપાસના પછી નિર્ગુણ ઉપાસના, પછી શુદ્ધજ્ઞાન સંપાદન કરવું ॥ ૩૮ ॥ મલ; **रंविगीतामां ध्याननी, काहि रीत सुखरुप; गुरुगमथी जो गम लहे, तो पामे शुद्ध स्वरुप** ॥ ३९ ॥ ટીકા શ્રી રવિરામ સ્વામી કહે છે કેં શ્રી ભગવતંગીતામાં શ્રી કૃષ્ણ પરમાત્માએ અર્જુન પ્રત્યે જે યોગ કહ્યો છે તે પ્રમાણે જાણીને શ્રી ગુરૂ મુખેથી વિધી પૂર્વક અભ્યાસ કરે તો નિશ્ચે શુદ્ધ સ્વરૂપને પામે. ઈદાની કાલમાં યોગના ગ્રંથો ઘણા છે પણ હઠ

યોગ ગુરૂ વિના કરવો તે દુર્ઘટ જાણી અત્રે લ- પ્ર૦
સિ૦ ખ્યો નથી. તે માટે જ્ઞાન યોગ લખ્યો છે. તે જ્ઞા-
૩૯ ન યોગ પણ ચિત વૃત્તિના નિરોધ રૂપે યોગનું
લક્ષણ ઘટે છે. પાતંજલ સૂત્રમાં કહ્યું છે કે
योगाश्चित वृत्तिं निरोधः તે ચિત્ત વૃત્તિનો નિ-
રોધ બે પ્રકારથી થાય છે. ૧ રાજયોગથી,
૨ હઠયોગથી, તેમાં રાજયોગની રીતિ અ-
ત્રે લખીએ છીએ. પદ્માસનવાલી ધ્યાન મુ-
દ્રા તર્જની આંગલી અંગુઠાના મધ્યભા
ગમાં અડાડી રાખી બાકીની ત્રણે આંગલી-
ઓ લાંબી કરી રાખવી તેથી બંને હાથો
ઢીંચણુપર રાખી ઉત્તર તરફ મોહું કરી ૩૯

દૃષ્ટિ જમીનપર રાખવી. આ ભુચરિ મુદ્રા કહેવાય છે. આમાં પ્રથમ ધુમસ વિગેરે ધ્યાનના પ્રકરણમાં કહ્યા પ્રમાણે દરશાય છે. વળી ભ્રુ મધ્યમાં દ્રષ્ટિ રાખી ધ્યાન કરવું તે ચાચરી મુદ્રા કહેવાય છે. ત્યાં પણ સૂર્ય ચંદ્રાદિ ધ્યાનના પ્રકરણમાં કહ્યા મુજબ દેખાય છે આમ થવા બાદ સુષુમ્ણા વાટે બ્રહ્મ રંધ્રમાં જવાય છે. એ ક્રિયાને ઉન્મુની મુદ્રા કહે છે. અજંપાથી પણ સ્વરૂપ પ્રાપ્તિ થતાં શાંતિ પ્રાપ્ત થાય છે તેનો વિધી આ પ્રમાણે છે. સિદ્ધાસન, પદ્માસન, કિંવા સ્વસ્તિકાસન કરીને ઉત્તર મુ-

સિ૦ ખે બેસવું પછી નાસિકાનાં છીદ્રથી બાહુાર પ્ર૦
૪૦ બાર આંગલ છેટેથી ાાસોાા નો ઉચ્ચાર કરી
અપાન વાયુને અંદર -હૃદયાકાશમાં લાવવો
ને ત્યાંથી ાા હુ ાા નો ઉચ્ચાર કરી પ્રાણ
વાયુને નાસીકાનાં છીદ્રની બાહુાર બાર આં
ગલ લાવવો આમ વારંવાર કરવું અને બા-
હુાર કિંવા હૃદયાકાશમાં જે જતા આવતા
પ્રાણાપાનની ગ્રંથી પડે છે તેમાં નજર રાખવી.
ત્યાં જે વિચિત્ર લીલાની ઉત્પતિ તથા નાશ
થાય તે જોયાં કરવી. ને જે લીલા ઉપજયા ૪૦
બાદ નાશ ન પામે તેમાં વૃત્તિઠરાવવી (ચિ-

દાકાશમાં વૃત્તિ ઠરાવવી)પછી સ્વરૂપનું સાક્ષાતકારપણું કરી બ્રહ્માનંદનો અનુભવ કરવો. ઉપર લખેલા કેવલ રાજયોગથી થોડા શ્રમે મહાનફલની પ્રાપ્તિ થાય છે ॥ ૩૯ ॥

मूल; ध्यान धरी अंतर ठरी, राखि निज पद आश; जीव शिव एकता विषे, हृदय धरे हुल्लास ॥ ४० ॥ ટીકા-ઉપર કહીં આવ્યા પ્રમાણે નિરગુણ સગુણ ધ્યાન ધરી અંતરમાં ઠરી કહેતાં શાંત થઈ પછી શ્રી ગુરૂ કૃપાથી ધ્યાન પ્રતાપે વિચાર ઉત્પન્ન થાય કે જેનું ધ્યાન ધરૂં છું તે મારાથી જુદો છે કે તેજ હું છે એમ નિજપદ કહીયે શુ

સિ૦ દ્ધ સ્વરૂપમાં ઈચ્છા રાખે ને જીવ શિવની ૫૦
એકતામાં જે સંશય છે તે શ્રી ગુરૂ મુખે-
૪૧ થી નિવૃત કરીને -હૃદયમાં આનંદ પામે
છે ॥ ૪૦ ॥ મૂલ; महा वाक्य जे वेदनुं, गु
रु मुख करे विचार; शुद्ध नस्तु धारण करे,
माया तजे असार ॥ ४१ ॥ तत्वमासि महा
वाक्यनो,ज्यारे समजे भेद; भाग त्याग ल-
क्षणावडे, करे भेद भ्रम छेद ॥ ટીકા વેદનાં
જે ચાર મહા વાક્ય તેમાં ૧ ઋગવેદનું
પ્રજ્ઞાનમાનંદબ્રહ્મ.૨ યજુર્વેદનું અહં બ્રહ્માસ્મિ.
૩ સામચેદનું તત્વમસિ. ૪ અથરવેદનું અયં ૪૧

આત્માબ્રહ્મ. અર્થ. પ્રજ્ઞાન કહીયે ત્વંપદાર્થ જીવ। ત્માબ્રહ્મ કહીયે તત્પદ ઈશ્વરછે. ૧. અહં કહીયે જીવાત્મા હું, બ્રહ્મ કહીયે ઈશ્વર રૂપછું. ૨. તત્ નામ જે ઈશ્વર તે તત્વમસિ એટલે તુંછે. ૩. અયં કહીયે અપરોક્ષ આત્મા એટલે જીવાત્મા, બ્રહ્મ કહીયે પરમાત્મા રૂપછે. ૪. અહીયાં લક્ષણા ત્રણ પ્રકારની છે. ૧ જહત્ લક્ષણા. ૨ અજહત્ લક્ષણા. ૩ જહદા જહ્દલક્ષણા. તે મધ્યે જહંત્ કહીએ વાચ્ય અર્થ સમગ્રને ત્યાગીને વાચ્યના સંબંધીનું ગ્રહણ થાય તે. જેમ. **गंगायां घोष**, તેમાં ગંગાપદનો અર્થ દેવ નદીનો પ્રવાહ રૂપ વાચ્ય અર્થ, તેમાં

સિ૦ गायोनो वाडो સંભવે નહી તેનો ત્યાગ ક- પ્ર૦
રીને એ વાચ્યનો સંબંધી જે તીર તે ઉપર
૪૨ ઘોષ છે. ૧.અજહત્ કહીયે વાચ્ય અર્થ સહિત
વાચ્યના સંબંધી અધીક અર્થનું ગ્રહણ થા-
ય તે. જેમ शोणोधावंति. તેમાં શોણપદનો
વાચ્ય અર્થ લાલ રંગ તેમાં ધાવન ઘટે નહી
માટે લાલ ગુણવાલા અશ્વાદિ ગુણી રૂપ અ-
ધિક અર્થનું ગ્રહણ તે ૨.આ બંને લક્ષણાઓ
મહા વાકયના અર્થમાં ઉપયોગી નથી માટે
બંનેને મૂકીને ત્રીજી ભાગ ત્યાગ લક્ષણા
કહેતાં ભાગ કહીયે. શકયાર્થના એક દેશને ૪૨
ત્યાગ કરીને એક ભાગનું ગ્રહણ કરવું જેમ

सोऽयंदेव दत्तः તેમાં સોપદનો અર્થ અતી-
તકાલ. કાશી આદિ દેશાંતર સહિત દેવદ-
ત્તનું શરીર અને અયંપદનો અર્થ વર્તમાન
કાલ સમીપ વર્તિ દેશ સહિત દેવદત્તનું
સરીર. તે બંને પદોની એકતા એટલે સોના
અર્થમાંથી તે દેશકાલના સંબંધને મૂકીને
કેવલ દેવ દતનું શરીર માત્ર એ સોપદનો
લક્ષ્યાર્થ તેમ્ અયંના અર્થમાંથી વર્તમાનકાલ
તથા સમીપ દેશના સંબંધને ત્યાગીને કે-
વલ દેવ દત્તનું સરીર માત્ર કાશીમાં હતું
તેજ આછે તેમ જીવાત્મા કહીયે વ્યષ્ટિ અ
વિદ્યા અથવા અંતઃકરણ વિશિષ્ટ ચૈતન તથા

સિ૦ અલ્પજ્ઞ પરિછિન્નાદિ ધર્મવાળો એ વાચ્ય
૪૩ અર્થ છે તેમાંથી ભાગ ત્યાગ કહીએ ઉપાધિ પ્ર૦
અવિદ્યાદિ તથા તત્કૃત ધર્મોનો ત્યાગ કરીને
કેવલ સાક્ષી રૂપ લક્ષ્ય ચેતન માત્રનું ગ્રહણ
તેમ તત્પદાર્થ ઇશ્વર કહીએ. માયા ઉપાધિ
તથા માયા કૃત સર્વજ્ઞતાદિક જે ધર્મો વિ-
શિષ્ટ ચેતન ઇશ્વર તેમાંથી ઉપાધિ માયા ભા-
ગ તથા માયા કૃત ધર્મોનો ત્યાગ કરીને
કેવલ માયાનો અધિષ્ઠાન ચેતન લક્ષ્યાર્થ
તેનું ગ્રહણ એ રીતે ચારે મહા વાક્યોમાં ભાગ
ત્યાગ લક્ષણાવડે જીવ ઈશ્વરનું લક્ષ્ય સ્વરૂપ
એક જાણવું એમ શ્રી ગુરૂદ્વારા વિચાર કરે ૪૩

ત્યારે શુદ્ધ સાક્ષી સ્વરૂપ જીવના લક્ષ્યને તથા ઈશ્વરના લક્ષને પરમાત્મા રૂપ જાણે ત્યારે અસાર જે અવિદ્યા તથા માયા ઉપાપાધિનો તથા ભેદ ભ્રમ છેદ કહેતાં દ્વૈતપણું તેનો છેદ એટલે નાશ થાય છે. માટે ગુરૂદ્વારા સાક્ષાતકાર કરે. ઉપર લખેલા ચાર વેદના ચાર મહા વાકયનું ગુરૂ મુખે ભાગ ત્યાગ (જહદ્દા જહદ) લક્ષણાથી ભ્રાંતી રૂપ જે ભેદ તેને છેદી શુદ્ધ સ્વરૂપને જાણી અસાર જે માયાનો ત્યાગ કરે ।। ૪૧।।

૪૨ ।। मूल; उपाधीना भेदथी, जीव शिवनो भेद; टले उपाधी एक रवि, कहे पोकारी

સિ૦ वेद ॥ ४३ ॥ ટીકા—તામસ મલિન ઉપાધી- પ્ર૦
૪૪ થી જીવપણું સાત્વિકી માયા ઉપાધીથી શિ-
વપણું બેઉ ઉપાધિ ગુરૂદ્વારા દૂર કરે તો શ્રી
રવિરામ સ્વામી કહે છે કે જીવ ઇશ્વરનું લ-
ક્ષ્ય સ્વરૂપ એકજ છે એમ વેદ પોકાર કરી
કહે છે ॥ ૪૩ ॥ मूल; पिंड ब्रह्मांडे एक
छे, दशोदिशा भरपुर; कोइ ठाम ठालो नहि,
सघले हालहजूर ॥ ४४ ॥ अेम विचारी आ-
पमां, माळ ब्रह्म स्वरूप; अखंड अरुप आ-
त्मा, ते पोते तद्रूप ॥ ४५ ॥ जो सघगे सु ૪૬
भर भर्यो, पुर्ण ब्रह्म प्रकाश; तो पोतामां के-

म नाहि, एम करे अज्ञता नाश ॥ ४६ ॥
जो पोतामां ब्रह्म छे, तो पोते ते रूप; अम जा-
णी गुरु ज्ञानथी पामे सत्य स्वरूप ॥ ४७ ॥

ટીકા—જે બ્રહ્મ એકજ સઘલે દશોદિશામાં ભરપુર છે તેના વિના કોઇ પણ ઠામ ઠાલો નથીજ. પિંડમાં તેમજ બ્રહ્માંડમાં ભરપુર હાલ હજુર કહેતાં પોતા પાસેજ છે ત્યારે શ્રી ગુરૂ કૃપાથી અનુભવ કરવો જોઇએ કે જો સચરાચર જે સ્વરૂપ છે તો તે મારામાં પણ તે હોવો જોઇએજ એમ વિચારી અજ્ઞતા જે અજ્ઞાનપણું તે દૂર કરવું જોઇએ. તેમ જો તે સ્વરૂપ પોતેજ

१५० બ્રહ્મ સ્વરૂપ સાક્ષાત્કાર થયો તેમાં સંશય ૫૦
૪૫ નહિ ॥ ૪૪ ॥ ૪૫ ॥ ૪૬ ॥ ૪૭ ॥
मूल; उपाधि जीव शिवनी, ज्यारे थाय ना-
श; त्यारे सघले ब्रह्ममय, दरशे परम प्रकाश
॥ ४८ ॥ ब्रह्म इच्छे तो ब्रह्म थइ, काप्यां
सर्वे कर्म; जीव शिवना रुपनो जाण्यो सघ-
लो मर्म ॥ ४९ ॥ ટીકા એવી રીતે જીવ
શિવની ઉપાધીથી દૂર થયો એટલે ઉપાધિ
નાશ પામી ત્યારે સઘલે બ્રહ્મમય કહેતાં
યાવત્ દૃષ્ટિગોચર વસ્તુને પોતાનું બ્રહ્મ
સ્વરૂપ પરમ પ્રકાશ કહેતાં જ્ઞાન રૂપ પ્રકાશ ૪૫

થી શુદ્ધ સ્વરૂપ જાણ્યું તેમજ પ્રથમ પોતે બ્રહ્મને પામવા ઇચ્છા કરતો હતો તેજ પોતે સ્વરૂપાકાર થયો તથા સર્વ શુભાશુભ કર્મને કાપી જીવ શિવનો મરમ કહેતાં લક્ષ્યરૂપ સાર અર્થ જાણ્યો એટલે સાક્ષાત્કાર અપરોક્ષ અસંભાવના (જીવ બ્રહ્મનો ભેદ છે કે અભેદ એવો જે સંશય તેનું નામ અસંભાવના) દેહાદિક જગત સત્ય છે ને હું પરમાત્માથી જુદો છું એવી જે ભ્રાંતી તે વિપરીત ભાવનાથી તથા વિપરીત ભાવના રહિત નિશ્ચય કર્યો. ॥ ૪૮ ॥ ૪૯॥

मूल; उपाधि जीव शिवथी, व्यातिरेकपद नि

 ष्काम; अविनाशि अखंड सदा, निरालंब नि
 जधाम ॥ ९० ॥ रविदास नीजरूपनो, पूर्ण
थयो प्रकाश; भेद मटयो जीव शिवनो, थ-
यो कर्मनो नाश ॥ ९१ ॥ ટીકા મલીન અ-
વિદ્યાને શુદ્ધ માયાના યોગથી જીવ શિવ-
થી વ્યતિરેક કહેતાં જે જુદું શુદ્ધ સ્વરૂપ
નિર્વાણપદ જે મોક્ષપદ કામનાથી રહિત
અવિનાશી અખંડ આધાર રહીત નિજ-
ધામ કહેતાં સ્વધામ જે પ્રકાશરૂપ પા-
મી દ્વૈતપણું અંધારૂ નિવૃત થયું એટલે અ
દ્વૈતપદમાં લીન થતાં કર્મ માત્ર જ્ઞાનના યો-
ગથી નાશ થઇ કેવલ શુદ્ધ અદ્વૈત સ્વરૂપ

થયો એટલે તે પુરૂષને કંઈ પણ કરમ ક-
રવાં રેહેતાં નથી ।। ૫૦ ।। ૫૧ ।। ઉપર
કહ્યા પ્રમાણે કર્મ ઉપાસના સંયુકત જ્ઞાન
પામ્યા વિનાજ થોડી થોડી અહિંથી તહિ-
થી વેદાંતની વાર્તા સાંભળીને નાસ્તિક લો-
કો વૃથા કરમથી ભ્રષ્ટ થઇને કહે છે કે
કરમ કરવાથી શું થાય પણ સાંગોપાંગ વિ-
ધિ પુર્વક કરમ ઉપાસના કરી શુદ્ધ સ્વરૂપ
થઇ પછી કર્મ. કરે અથવા ન કરે તો બાધ
નહિ તે વિષે. मूल; योग योगनुं काम शुं, शुं
करवा छे वेद; ज्यारे शुद्ध स्वरुपमां, शम्या
सकल भ्रम भेद ॥ ५२ ॥ जपतप तीर्थ ने-

સિ૦ म यज्ञ, शुं करवानुं काम; वेद विधी आचार पo
४७ ते सर्वे पाड्युं ठाम ॥ ५१ ॥ हर्ष शोक तृ-
ष्णा मटी, मटया वाद विवाद; हुं मारुं ममता
मटी, सत्गुरूनें प्रसाद ॥ ५४ ॥ रवि क्रिया
जे देहनी, सरवे मेली पार; शुद्ध स्वरुप
साक्षी थयो, भास्यो ब्रह्माकार ॥ ५५ ॥
ટીકા જ્યારે પોતે શુદ્ધ સ્વરૂપ થયો ને દે-
હની ક્રિયા કરવા પણ શક્તિમાન નથી તેવા
અપરોક્ષ જ્ઞાની કહેતાં સાક્ષાતકાર થયેલા
પુરૂષને પછી યોગ યજ્ઞ વેદવિધિ શુભાશુ-
ભ કર્મ વિગેરે કંઈ પણ કર્તવ્ય માત્ર રહ્યા ૪૭

જ નહિ તે તો પોતાના શુદ્ધ સ્વરૂપમાં ત-
લ્લીન થઇ રહ્યા છે જેની ભ્રાંતિ માત્ર છેદાઈ
ગઈ છે તેવા આત્મવિત્‌ને જપતપ તીર્થ વૃત
આચાર નિયમ યોગ યાગ વિધિ નિષેધ
સર્વે સ્વ સ્વરૂપમાં સમાવ્યું છે તેજ આત્મ
વિત્‌ને શ્રી વેદ ગુરૂ ઈશ્વરની કૃપાથી હર્ષ
શોક તૃષ્ણા વાદ વિવાદ હું મારૂં મમતા
અહંતા સર્વે શાંત થઇ છે. તેવા પુરૂષને શ્રી
રવિરામ સ્વામી કહેછે કે કિંચિત્ માત્ર
કર્તવ્ય રહ્યુંજ નથી. પોતે સ્વરૂપમાં તલ્લીન
થયોને પોતાની દેહ સુધીની ક્રિયાનું ભાન
નથી તો વેદ વિધિ તે કોણ કરે ? સાક્ષાત

સ્વરૂપનો બોધ થયેલા પુરૂષને કાંઇ વિધિ પ્ર૦
સિ૦ નિષેધની આજ્ઞાજ નથી પણ ઉપર કહેલા
૪૮ પદને પામ્યાજ વિનાજ વૃથા બ્રહ્મજ્ઞાનની
વાતો કરે અને અંતરમાં અનેક પ્રકારની
ઉપાધિને વિવિધ પ્રકારના ઘાટ ઘડયા કરેછે
ને અલ્પ વસ્તુની હાણુથી ચિત્ત ભ્રમિત થઇ
જાયછે. તુચ્છ લાભથી આનંદ માનનારા કો-
ડીના લોભથી ગુરૂ બ્રાહ્મણ સંતની ઘાત કર-
તા ડરતા નથી ને વાતો કરે ત્યારે તો સાક્ષા-
ત બ્રહ્મ જ્ઞાની થઇ જાયછે પણ પૂર્વે કહ્યા પ્ર-
માણે જ્યારે બ્રહ્મજ્ઞાનની દશા આવે. અને
અંતરમાંથી ઉપર લખેલા વિકાર માત્ર ના- ૪૮

શ થઇ જાય તે પુરૂષને કાંઈ કર્તવ્ય નથી. તે દશા જ્યાં સુધી પ્રાપ્ત થઇ નથી ત્યાં સુધી વેદ વિધી અવશ્ય કર્તવ્ય છે. તે વિશે આગળ કહેવાશે ॥ ૫૨ ॥ ૫૩ ॥ ૫૪ ॥ ૫૫॥

मूल; ज्यारे सातमी भुमिका, पाम्यो गुरु प्रताप; त्यारे कर्म उपासना, मटी वेदनी वात ॥ ५६ ॥ ज्यां सुधी नथी पामीयो, पूर्ण पदने आप; त्यां सुधी करवां पडे, कर्म धर्म विधी जाप ॥ ५७ ॥ ज्यां सुधि वहेवारमां, करे शुभाशुभ कर्म; त्यां सुधि विधि वेदनी, पाले पूर्ण धर्म ॥ ५८ ॥ नीति सहित वहेवारमां,

સિ૦ करे जगत्नां काम; वेद विधियुत आचरे, तो ૫૦
૪૯ रीजे श्री राम ॥ ५९॥ रामगुरु रीज्या विना,
मळे न आत्मज्ञान; रविदास पद तो मळे, जो
सेवे संत सुजाण ॥ ६० ॥ ટીકા. જ્યાં સુધી
સાતમી ભુમિકાનું જ્ઞાન થયું નથી એટલે
પ્રથમ. ૧ શુભ ઈચ્છા. ૨ સુવિચારણા. ૩
તનુમાનસા. ૪. સત્વાપતિ. ૫. અસંશકિત.
૬. પદાર્થાભાવિની. ૭. તુરીયા. અર્થ-પૂર્વના
પુન્યથી વિષયમાં દોષ બુદ્ધિને ગુરૂ સત્શા-
સ્ત્ર તીર્થમાં પ્રીતિ ને શ્રવણ મનનમાં તત્પ-
રતા. પરમેશ્વર વિના અન્ય પદાર્થમાં અરૂ- ૪૯

ચિ. ભગવદ્ ગુણગાતાં પુલકિત હૃદય, દિન
દિનમાં અધિક સુહેત વૃદ્ધિ પામે છે ॥૧॥
બીજી વિચારણા ભુમિકામાં એકાંતમાં બેશી
વિચાર કરે કે હું કોણ છું ને આ સંસાર
શું છે એવો સાર અસારનો વિચાર કરવો
॥ ૨ ॥ તનુમાનસા કહિએ બહાર તથા
અંતર વિષયોથી ચિત્તનો નિરોધ કરીને
નિરંતર બ્રહ્મરૂપ ધ્યેય સ્વરૂપમાં સજાતિય વૃ-
ત્તિની સ્થિતીરૂપ મનની સૂક્ષ્મરૂપતા તનુ-
માનસા શબ્દનો અર્થ છે ॥ ૩ ॥ ચતુર્થી
ભુમિકા પૂર્વે કહ્યા પ્રમાણે બ્રહ્મચિંતનરૂપ નિ-
દિધ્યાસન કરવાથી પ્રગટ થયું. સંશય વિ-

સિ૦ પર્યય રહિત તત્વજ્ઞાન તે જ્ઞાનવડે કરીને પ્ર૦
આત્મામાં નામરૂપાત્મક દેહાદિક સર્વ જગ-
પ૦ ત મિથ્યારૂપ પ્રતીતિ થાયછે. જેમ સમુદ્રમાં
ફેણુ બુદબુદા તરંગ મિથ્યારૂપ પ્રતીતિ થા-
ય છે ॥ ૪ ॥ પંચમી અસંશકિત કહેતાં
ચતુર્થી ભુમિકામાં નિશ્ચય કર્યું. સર્વથી અસં-
ગ અભિન્નરૂપ બ્રહ્મસ્વરૂપ છે, તે બ્રહ્મ-
સ્વરૂપ છે તે બ્રહ્મસ્વરૂપમાં અધિક અભ્યાસ
કરવાથી દેહાભિમાન નિવૃત્તિ થાય છે.
જેમ અન્ય શરીરની પ્રતીતિ થાય છે તેમ
સ્વ શરીરમાં અહંતા મમતા રહિત થવું તે
॥ ૫ ॥ પદાર્થાભાવિની કહીયે. જેમ સુવર્ણ- પ૦

ના જાતા પુરૂષને કટક કુંડલાદિ ભુષણો વિ-
દ્યમાન હોય છે તો પણ સર્વે સુવર્ણરૂપજ પ્રતી
તિ થાય છે તેમ દેહથી લઇને બુદ્ધિ પર્યંત
જે પદાર્થ કહેવાય છે તે સર્વે પદાર્થનો અ-
હીયે. અધિષ્ઠાન બ્રહ્મરૂપથી પ્રતીતિ થા-
ય છે ॥ ૬ ॥ તુરીયા સપ્તમી ભુમિકામાં
હું પ્રમાતા તું કહેતાં પ્રમેય
ને વિષય કરનાર જે પ્રમાણ એ ત્રિપુટી
રૂપ દ્વૈતની જેમ ચતુરથી પંચમી ભુમકા-
માં ભાવરૂપ કરીને પ્રતીતિ થાય છે તેમ તુ
રીયામાં પ્રતીતિ થાય નહી. જેમ અભાવરૂપે
કરીને સુષુપ્તિ ભુમિકામાં દ્વૈત પ્રતિતી થાય છે

સિ૦ તેમ પણ પ્રતિતી થાય નહી. ભાવાભાવથી ર- પ્ર૦
હિત મનવાણીથી અગમ્ય જે બ્રહ્મસ્વરૂપ છે
૫૨ તે બ્રહ્મરૂપે યોગી સ્થિત રહે છે. ॥ ૭ ॥
તે ભુમિકાને પ્રાપ્ત અનુક્રમે થયો નથી ત્યાં
સુધી યથા વેદ વિધિ કર્મ કરવાં ને શ્રી ગુરૂ
કૃપાથી અનુક્રમે પ્રથમ બીજી ત્રીજી ચોથી
એમ સાતમી ભુમિકાને પોહોચ્યો કે તે પુ-
રૂષને કિંચિત્ માત્ર કતવ્ય છેજ નહી. ક-
ર્મ ઉપાસના વેદ વિધી તેને નથી પણ
જયાં સુધી પુર્ણ પદ જે સ્વરૂપને યથાર્થ ન-
થી પામ્યો ત્યાં સુધી અવશ્ય કર્મ ધર્મ ગુ-
રૂ મંત્ર રામ મંત્રાદિ જાપ અવશ્ય કર્તવ્ય ૫૧

છે. તેમજ જયાં સુધી વેહેવારમાં પુરૂષ છે ને તે વ્યવહારીક કામકાજ કરે છે ત્યાં સુધો કર્મ ધર્મ વેદ વિધિ કરવાની છે. ને પોતાના ઘરના તથા દેહના વેહેવારની શુદ્ધિ નથી ને માત્ર સ્વ સ્વરૂપમાં તલ્લીન છે તેને તો કર્તવ્ય નથી માટે શ્રી રવિરામ સ્વામી કહે છે કે જગતમાં પુરૂષે રહીને નિતિવાન થઈને એટલે સ્વપત્ની સાથે રૂતુમાં ગમન અને પરસ્ત્રી માતા પુત્રી બેન તુલ્ય જાણુવી. પર દ્રવ્ય પથ્થર તુલ્ય જાણી કોઇની જુઠી સાક્ષી ન પુરવી, લાંચ ન લેવી, જુઠું ન બોલવું, રાગદ્વેષ ન કરવો. તેમજ સ્ત્રી-

સિ૦ યોએ સ્વપતિ વિના પર પુરૂષને પિતા, પુ- પ્ર૦
પર ત્ર, ભાઈ તુલ્ય જાણી એક મને પતીનેજ
ઇશ્વર જાણવા તેમજ પુરૂષે, એક ગુરૂનેજ
ઇશ્વર જાણી સેવવા, એવી રીતે વ્યવહારમાં
નીતીથી વરતે ને વેદ વિધિ પુર્વક શુભ ક્રી
યા કરે તો અવશ્ય રામ જે પરમાત્મા તે
પ્રસન્ન થાય છે અને રામ તથા શ્રી ગુરૂ
પ્રસન્ન થયા વિના કોટી કલ્પ સુધી આ-
ત્મજ્ઞાન પામેજ નહિ માટે શ્રી રવિરામ
સ્વામી કહે છે કે આત્મજ્ઞાની સંત માહા-
ત્મા જેનાં લક્ષણ આગલ કહેવાશે એવા જે
સુજન્ન કહેતાં અતિ વિવેકી સંતને સેવ્યા પર

વિના નિજપદ દુર્લભ છે. તેમ નહિ સમજતાં વાચિક જ્ઞાની એકદમ કરમ ઉપાસના ત્યાગી શિષ્યનોદર પરાયણ થઈ નિજપદથી પતિત થાય છે ને લક્ષ ચોરાશી યોનિમાં અસંખ્ય યુગ સુધી અથડાય છે. તેટલા માટે માહાત્મા પુરૂષોએ કૃપા કરીને મોક્ષ માર્ગ દરસાવ્યો છે ॥ ૬૦ ॥ નાસ્તિક-સ્વાર્થિ કલયુગી ભકતો વિષે. मूळ; सतगुरुने कपटथी, सेवे लेवा ज्ञान; रविदास अे मुढमति, पामे नरक निदान ॥ ६१ ॥ नरके पडवानां करे, कुडां जगमां काम; भक्त भेख उपर धरे, अंतर अवगुण धाम ॥ ६२ ॥ वेद पंथमां चालतुं,

સિ૦ ए छे अघरी वात; तेथी निंदा आदरे, मुरख ५०
૫૩ मूढ कुजात ॥ ६३ ॥ रविदास विधि वेदनी,
समजे नहिं गमार; मुजाइने मत करे, जावा
जमने द्वार ॥ ६४ ॥ सुतावित दारा देहमां,
ज्यां सुधी छे भाव; त्यां सुधी विधी कर्ममां,
करे नही अणभाव ॥ ६५ ॥ देह तणुं पोषण
करे, पोषे पुत्र परिवार; वेद कर्मने निंदतां, ला-
जे नहिं लगार ॥ ६६ ॥ दुष्ट कर्म करवा
विषे, जलदि थाय तैयार; शुभ मार्गमां चाल-
तां, आलस करे अपार ॥ ६७ ॥ सुराघरना ५३

काममां, कुडां करवा कर्म; पाप पोटलां बांधवा, करे अपार अधर्म ॥ ६८ ॥ रविवेदना भेदनी, समजण अघरी रीत; ते करवा समर्थ नही, पछी निंदा करे अनीत ॥ ६९ ॥ रविदास नीति वचन, अवलां माने चोर; मतवादि ते वेदने, माने नाहि नठोर ॥ ७० ॥

टीका. रविराम त्यागी कहे छे के स्वार्थि भक्त सारा सारा महात्मा साधुनी सेवा कपट राखीने करे छे केमके जगतना लोको जाणे के अमुक भकत संत सेवा करे छे. पण आतो कपटी भकत पोतानी मतल

સિ૦ સાચવા સાધુ પુરૂષો પાસેથી જ્ઞાન ભકિત પ્ર૦
વિગેરે શિખી લઈ બીજા જગતના લોકોને
૫૪ તથા ગરિબ અભ્યાગતોને પુછી તેઓ-
ને ગભરાવીને કહે કે તમે સાધુ શું
સમજો છો. સાધુનાં કેવાં લક્ષણ છે. વલી
બ્રાહ્મણ કોને કહીએ. બ્રાહ્મણનું શું કર્મ છે એ-
મ લોકોને ગભરાવવા સારૂ વિદ્વાન સાધુની
સેવા કરી કપટથી પ્રશ્નોતર શિખીને સાધા-
રણ સાધુ બ્રાહ્મણને દુઃખ આપી પોતે મોટો
સિદ્ધ થઇ પુજાવાની ઇચ્છાથી સ્વાર્થથી સેવા
કરે છે અને જે સતગુરૂને કપટથી સેવે છે
તે અંતરમાંથી વિકાર તજતો નથી એવો જે ૫૪

મૂઢમતિ વંચક ભકત તેનાતો અવશ્ય જ-
મરાજા સર્વ પ્રકારે ભુંડા હાલ કરીને અવ-
શ્ય ઘોર નરકનેજ પ્રાપ્ત કરે છે એવા વંચ-
ક ભકત કુડાં કામ નરકે જવા કરે છે. અં-
તરમાં સત્યતાથી નહિં વર્તતાં અવગુણ ધા-
રે છે અને વેદની નીંદ્યા કરે છે. કારણ કે
વેદ વિધિ પ્રમાણે જે વર્તવું તેતો અઘરૂં છે
તેમાં આળવા નજર પહોંચે નહિ તેથી બી-
જાં ભોળા લોકોને સમજાવે કે વેદમાં કશું
નથી. પાચા એ થોથાં, ડાચાં એ સાચાં અ-
મ નિંદા કરનાર કુજાત એટલે નિચજાતી
જેને વેદનો અધિકાર નથી તેમ વેદનું રહ-

સિ૦ સ્ય સમજતો નથી તેવા હલકી જાતના વેદની પ્ર૦
નિંદા કરે છે. ને કદાપી ઉંચજાત થઇને વે-
૫૫ દની નિંદા કરે તો તેમાં પણ નિચજાતીનો
અવશ્ય અંશ હોવો જોઇએ. શ્રી રવિરામ
સ્વામી કહે છે કે હલકી જાતના હલકા સ્વ-
ભાવના માણસો ગમાર બુદ્ધિ વેદ વિધિમાં
વર્તવા અશકિતમાન માત્ર જમરાજાને દ્વા-
ર જવાને સાક્ષાત્ શ્રી પરમાત્માના સ્વ-
રૂપ વેદની નિંદા કરે છે, તેથી જમના
દંડ પાત્રજ છે. માટે વિવેકી પુરૂષે આટલું
તો અવશ્ય સમજવું જોઈએ કે જયાં સુધી
પુત્ર સ્ત્રી દ્રવ્યાદિ દેહમાં પ્રીતિ છે ત્યાં સુધી ૫૫

અવશ્ય વેદ વિધિ કર્મ કર્તવ્ય છે, જ્યારે જ્ઞાન દ્વારા સાતમી ભુમિકાને પ્રાપ્ત થાય ત્યારે તો શાસ્ત્રને સતપુરૂષો પણ તેને કર્તવ્યની ના પાડે છે. પણ પોતાના દેહને પુષ્ટ કરવાના સાધનમાં તેમ સ્ત્રીપુત્ર પરિવાર વિગેરેમાં તો અત્યંત આનંદ ભેર પૂર્ણ ઉચ્છાહુથી પોષાણ કરવામાં તત્પર રહે છે. ને વેદ વિધિ કર્મને નિંદતાં ગમારને લાજ નથી આવતી કે હું સંસારમાં નખથી શિખા પર્યંત ડુબી રહ્યો છું ને શુભ કર્મમાં આળસુ છું. પોતાની મતલબ સારૂ કંઇ દુષ્ટ કર્મ કરતાં વિલંબ કરતો નથી. ને જ્યારે શુભ-

સિ૦ માર્ગમાં ચાલવું પડે ત્યારે કહેશે એતો કાંઈ પ્ર૦
નહિ. **સ્વાર્થે દોષો નાસ્તિ** અરે ત્રાહ્ય ત્રાહ્યરે
૫૬ કેટલી બધી ભૂલ ભરેલી વાત છે–તે વિવેકી
વીચારશેજ, • ઘર કુંટુંબ વિગેરેનાં કામ ક-
રવાં તે તો એકદમ શુરાપણાથી કરે ને પાપ-
રૂપી પોટલાં બાંધવા અપાર અધર્મ કરે.
પછી જે કુટુંબી સારૂ પાપની ગાંસડી બાં-
ધી છે, તેતો કોઇ અંતે સહાય કરનાર નથી.
એ કરનારજ ભોગવશે. એ અજ્ઞાની દુષ્ટ ક-
ર્મ કરતાં વિચારે નહિ ને ઉલટો જે વેદ
વિધિથી ચાલે છે તેને નિંદે છે ને તેને કંટક
ગણે છે તો તે દુષ્ટમતિ જમદ્વારનોજ અધિકારી ૫૬

છે. શ્રી રવિરામ સ્વામી કેહે છે કે વેદ માર્ગ-
માં ચાલવું એતો અઘરૂ છે, તે કરવાની સ-
ત્તા નથી. તો પછી નઠોર કલજુગી કપટી
વેદની નિંદા કરે છે. જેમ કોઇ જગતમાં
ઉત્તમ પુરૂષ ઉત્તમ પ્રકારનાં કાર્ય કરે ત્યારે
દ્વેષી ઇર્ષાવાળા પ્રાણી તેના શુભ કાર્યમાં દુ-
ષણ આરોપણ કરે છે. કેમકે પોતે કરવા
શક્તિમાન નથી તો તેના ગુણમાં દોષારો-
પંણ કરે એટલે બીજા વિવેકી તેનેજ દુષ્ટ
જાણે. અર્થાત્ શુભ કર્મતો કરવાં કઠણ છે, તે
ન બને ત્યારે તેની નિંદા કરે એવી ખળ પુ-
રૂષોની રીત છે. પોતે કરવા સમર્થ નહિ પ-

૧૦ છી અનીતિવાન નીતિવાનની નિંદા કરે છે. ૫૦
૭ તેમજ શ્રીરવિરામ સ્વામી કહે છે કે નીતિ-
નાં વચન ચોર લોકોને સારાં લાગેજ નહી.
તેતો અવળાંજ માને જેમ નીતિવાન રાજા
અન્યાયિ દુષ્ટ જેવાકે જુગારી, ગંઠીછોડા,
ઠગારા વિગેરેને સારો લાગેજ નહી કેમકે
તેના કાર્યને હાનિકારક છે. તેમજ નીતિ શા-
સ્ત્ર વેદવિધિ તે વંચક મતવાદિ લોકોને કેમ
અનુકૂલ આવે ? નજ આવે. પછી મતવાદિ પો-
તાનો મત સિદ્ધ કરવા વેદ મર્યાદા તથા બી-
જા ધર્મશાસ્ત્રો વિગેરેને ઘસારો આપે છે. જેમ ૫૭
વ્યભિચારિણી સ્ત્રી પતિવ્રતાની નિંદા કરે છે,

તેમજ મતવાદિ પાખંડી પોતાનો મત ચ-
લાવવાને જગતને ભોળવવા સનાતન ધર્મને
ખંડન કરે છે, જેમ સજીવન નદીને કાંઠે
કુવો ખોદાવે તેમજ પોતેતો જાગતો ઉંઘે છે
ને બીજાને જમદ્વારે લઇ જાય છે. માટે વિ-
વેકી પુરૂષોએ અનુમાન કરવું કે જે અના-
દિ સ્વધર્મ છે એજ સત્ય છે. ને પાખંડી પ્ર-
પંચી ત્યાગ કરવાના છે એટલા માટે મ-
હાત્મા પુરૂષો વારંવાર દયાથીજ કહે છે તેને
પુનરૂક્તિ જાણવી નહિ એતો સત પુરૂષોની દયાજ
છે ॥ ૬૧ ૬૨ ૬૩ ૬૪ ૬૫ ૬૬ ૬૭ ૬૮ ૬૯।૭૦॥
मूल; रावि वेदने वेद गुरु, त्रणेनो एक व्याख्य;

सि० अधिकारी जेवुं दरद, तेवो करे उपाय ॥७१॥ ५०
५८ रविदास जो वेदने, गुरू मुख करे विचार;
जीवशिवना रूपने, निश्चे पामे पार ॥ ७२ ॥
प्रथम कर्म मार्ग विषे, वरते कारि विवेक; पछी
उपासना अनुसरी, धरे ज्ञाननी टेक ॥ ७३ ॥
योगज्ञान अधिकारने, पाम्यो नथी अजाण; क-
र्म उपासनाने करे, सद्गुरु वचन प्रमाण॥७४॥
एम अनुक्रम करी, पामी योगयुत ज्ञान; शुद्ध
स्वरुप पोते रवि, सघले ब्रह्मसमान ॥ ७५ ॥
थयां स्वरुप जाण पणं, वर्ते थइने दास; क्रिया ५८
मात्र करवी मटी, तोय धर्मपर आश ॥७६॥

रविदास एवा पुरुष ते, हरिरूप समान; कर्म
करे वा न करे, मटयु देह अभिमान ॥ ७७ ॥
रवि एवा अनुभवी तणां, वचन देव प्रमाण;
मतवादी मतमां भमे, मांडे खेंचाताण ॥ ७८ ॥
कर्म उपासना रहित, रवि करे भक्तिनु मान; मत-
वादि ते जाणवो, सुकर श्वान समान ॥७९ ॥
योगयाग करतो रहे, भक्तिभाव भरपुर; अ-
विद्या अंतरथी तजे, हरिपद हालहजुर ॥८०॥
શ્રી રવિરામ સ્વામી કહે છે કે વેદ વૈદ અને
ગુરૂ એ ત્રણેની એકજ રીત છે. કેમકે વેદમાં
ત્રણ કાંડ કરવાનું મુખ્ય એજ કારણ છે કે

સિ૦ જેવા જે અધિકારી તેને તેવોજ ઉપદેશ. જે- ૫૦
મ વૈદ દરદની પરિક્ષા કરી તે દરદનો યોગ્ય ઉ-
૫૯ પાય કરે છે, તેમ શ્રી ગુરૂદયાલુ વેદ પ્રમાણે
જેવો શિષ્ય અધિકારી હોય તે પ્રમાણે કર્મની
યોગ્યતા વાળાને કર્મ તથા ઉપાસનાની યોગ્યતા
વાળાને ઉપાસના તથા ને જ્ઞાનનો જ્ઞાનની યોગ્ય-
તાવાળાઉપદેશ કરે. જો એમ વ્યવસ્થા ન કરે તો
શિષ્ય જરૂર ભ્રષ્ટ થઈઅધોગતિને પામે છે. તેમાં
દ્રષ્ટાંત. જેમ એક માતુશ્રીને ત્રણ પુત્ર હોય
તેમાં એક શરીરમાં આરોગ્ય તથા પુષ્ટ
શરીર વાળો હોય ને બીજાને તાવ આવીને ૫૯
નિવૃત થયો ને શરીરમાં અશકત હોય

ને ત્રીજો તાવવાળોજ હોયતે ત્રણે પુ-
ત્રોને અર્થે માતુશ્રી યથાયોગ્ય ભોજન
બનાવે એટલે સાજા શરીરવાળા માટે
દૂધપાક વિગેરે મિષ્ટ પદાર્થ બનાવે ને તાવ
આવીને મટી ગયો છે ને મંદશકિતવા-
ળો છે તેને અર્થે દાલભાત વિગેરે હલકો ખો-
રાક બનાવે ને તાવ વાળાને અર્થે કાંજી તથા
મગનું પાણી બનાવે છે એવી રીતે માતુ
વ્યવસ્થા કરે છે. પણ પીરસનાર તે પ્રમાણે વ્યવ-
સ્થા ન કરે ને ઉલટ સુલટ કરે તો ભોજન
ત્રણે પ્રકારનાં નિષ્ફલ જાય ને ત્રણેનાં શરીર-
ને હાની થાય માટે પીરસનારની મોટી ભુલ

કહેવાય. તેમ શ્રુતિ ભગવતિ માતુશ્રીએ ઉત્તમ, મધ્યમ, કનિષ્ટ અધિકારીરૂપ જે ત્રણ પુત્ર તેમને માટે ત્રણ કાંડ રૂપી ભોજન બનાવ્યું છે. તેમાં ઉત્તમ અધિકારી વાસ્તે જ્ઞાનકાંડ, તથા મધ્યમને માટે ભકિત ઉપાસના કાંડ, કનિષ્ટને માટે કરમ કાંડ એવી રીતે શ્રુતિમાતુશ્રીએ કૃપા કરીને ત્રણ પ્રકારના અધિકારીઓને માટે યથાયોગ્ય વ્યવસ્થા કરી છે તેમ ઉપદેષ્ટા શ્રી ગુરૂ કૃપાળુ કૃપા કરીને યથાયોગ્ય અધિકારી પ્રમાણે ઉપદેશ કરે તો વેદના ત્રણે કાંડ સાર્થક થાય ને ત્રણે અધિકારી કૃતાર્થ થાય ને ગુરૂનું પણ ગુરૂપ-

ણું એટલે ઉપદેષ્ટાપણું સફળ થાય ને ઉપર કહ્યા પ્રમાણે ન થાય તો ઉપર કહેલા ત્રણ કાંડ નિષ્ફલ થાય ને અધિકારીઓની હાનિ થાય ને ઉપદેષ્ટા ગુરૂની મોટી ભુલ કહેવાય ને તે ઉપદેશ કરનાર ઉપર શ્રુતિ ભગવતિનો મોટો કોપ થાય એવી રીતની વેદના રહસ્યની વ્યવસ્થાને સમજીને મતવાદી મનમુખી મિથ્યાવાદ કરે છે, તે ન કરતાં અંતરમાંથી દુરાગ્રહ મુકી શ્રી ગુરૂ મુખે વેદ ભણે અથવા શ્રવણ વિધિપુર્વક કરે તો જીવ શિવના યથાર્થ સ્વરૂપને અવશ્ય જાણે તેમાં શંકા રહેજ નહિ. માટે પ્ર-

૬૦ થમ કર્મ પછી ઉપાસના સહિત થઈ પછી ૫૦
જ્ઞાનવાન થાય. જ્યાં સુધી પરિપુર્ણ જ્ઞાનને
૬૨ પામ્યો નથી ત્યાં સુધી સતગુરૂ આજ્ઞા પ્ર-
માણે કર્મ ઉપાસના અવશ્ય કર્તવ્ય છે. એ-
વી રીતે શ્રી રવિરામ સ્વામી કહે છે કે ક-
ર્મ ઉપાસનાએ કરી નિર્મલ અંતઃકરણમાં
વિવેકાદિ સાધન સહિત થઈને શ્રવણ મન-
ન નિદિધ્યાસન પુર્વક પરિપકવ જ્ઞાન જે પુ-
રૂષે સંપાદન કર્યું છે તે પુરૂષને સઘળે બ્ર-
હ્મ ભરપુર છે ને પોતે પણ તે બ્રહ્મરૂપજ
છે, એવા મહાત્મા પુરૂષ અપરોક્ષ રીતે સા
ક્ષાતકાર થયા છે. તો પણ બીજા મુમુક્ષુને ૬૬

વર્તે છે ને પોતાને કર્ત-
વર્તાવવા દાસપણાથી વર્તે છે ને પોતાને કર્ત-
વ્ય માત્ર નથી તો પણ બીજાઓને વર્તાવવા
સારૂ ધર્મ ઉપર આસ્થા રાખી અધિકારી
જનો ઉપર દયા વાસ્તે સદાચારમાં વર્તે છે.
ગીતામાં કહ્યું છે કે ॥ कर्मणैवाहि संसद्धिमा-
स्थिताजनकादयः लोक संग्रह मेवापि संप-
श्यन् कर्त्तुमर्हसि ॥ १ ॥ यद्यदाचरति श्रेष्ठ
स्तत्तदेवेतरोजनः सयत् प्रमाणं कुरूते लोक
स्तदनुवर्तते ॥ २ ॥ अर्थ-निष्काम कर्म
યોગ વડે કરીને જનકાદિ વિગેરે અંતઃક-
રણની શુદ્ધિ દ્વારા તત્વજ્ઞાનને પામતા
હુવા. તેમનું પણ લોકના હિતને દેખતો

સિ૦ સતો સ્વધર્મ કરવાને યોગ્ય છું. જે જે શ્રેષ્ટ પ્ર૦
૬૨ પુરૂષ આચરણ કરે છે તે તે કર્મનેજ બીજા
પુરૂષ આચરે છે. ને શ્રેષ્ટ પુરૂષ જે વચનને
પ્રમાણ કરેછે તેને અનુસરીને લોક વર્તે છે
એવા માહાન્પુરૂષ દયાળુકે જેને કિંચિત્
માત્ર કર્ત્તવ્ય નહિ છતાં કેવલ પરહિત માટે
તસ્દી લઇ વર્તે છે. શ્રી રવિરામ સ્વામી ક-
હેછે કે એવા મહાત્મા પરમાર્થ સ્વરૂપ સા-
ક્ષાત્ બ્રહ્મ રૂપજ છે. તે કર્મ ઉપાસના કરે
અથવા ન કરે તો પણ લાભ હાણ જેને નથી
છતાં જ્યાં સુધી શરીર છે ને આ શુભા
શુભછે એવું ભાસે છે ત્યાં સુધી શાસ્ત્રવિહિત ૬૨

શુભ કાર્ય કર્તવ્ય છે એવા મહાત્માઓ શ્રી હરિ રૂપજ છે, એટલે દ્વિભૂજ હરિ છે, કેમકે જેને આ દેહપણુંજ નથી, માટે તે પુરૂષોને હરિ જાણવા. શ્રીરવિરામ સ્વામી કહે છે કે એવા સાક્ષાત્ શ્રી હરિ રૂપ મહાત્માઓનાં જે વચન છે. તે વેદ પ્રમાણજ છે માટે અનુભવીનાં વચન વેદતુલ્ય કહેવાય છે. તે વચન મતવાદિ નહી સમજીને વૃથા ખેંચાતાણ કરી પોતાનો મત ચલાવવા લોકોને ભોળવી અધમ ગતી પમાડે છે. શ્રીરવિરામ સ્વામી કહેછે કે કર્મ ઉપાસના ત્યાગીને મતવાદી વૃથા ભક્તપણાનું અભિમાન કરે છે, તે તો

સિ૦ શ્વાન, સુકરને તુલ્યછે. ભકત તો તેને જાણવો જે ૫૦
યોગ એટલે ચિત વૃત્તિ સ્થિર કરી ગુરૂ ત-
૬૩ થા પરમેશ્વરનું ધ્યાન કરે તથા યાગ એ-
ટ્લે વિષ્ણુ યાગાદિ નિષ્કામતાથી સદા કર-
તો રહે. ને ભકિત જે પૂર્વે કહી આવ્યા તે ઉપા
સના કરતો રહે. અંતરમાંથી અવિદ્યા, વિકાર,
કામ, ક્રોધાદિનો ત્યાગ કરે તેજ ભકત તેને
તો શ્રી હરિનું પદ એટલે પરમપદ સદા પા-
સેછે તેથી હરિ દૂર નથી ॥ ૭૧ ॥ ૭૨ ॥
૭૩ ॥ ૭૪ ॥૭૫ ॥ ૭૬ ॥ ૭૭ ॥ ૭૮ ॥૭૯॥

मूल; ज्यां सुधी स्वसरूपनुं, पाम्यो नहि निज
ज्ञान; त्यां सुधी निश्चे करे, तप तीर्थ व्रतदान ૬૩

॥ ८१ ॥ एकादम उंचो चढे, तो निचो पडे निदान; अनुक्रमे पद पामीये, सत्गुरु शब्द प्रमाण ॥ ८२ ॥ ટીકા. જ્યાં સુધી અપરોક્ષ જ્ઞાન થયું નથી ત્યાં સુધી તપ તીર્થ વ્રતદાન અવશ્યકરે. જે મહાત્મા પુરૂષો સાક્ષાત બ્રહ્મરૂપ થાય છે તે પણ બીજાઓને શુભ માર્ગે ચલાવવા શુભક્રિયા કરે છે. તો જ્યાં સુધી પોતે અપરોક્ષ જ્ઞાન નથી પામ્યો તે પુરૂષ તો અવશ્ય શુભ ક્રિયા કરે. ન કરે તો અધોગતીને પામે. જેમ કોઇ એકદમ ઉંચા મકાન ઉપર પગથીયાં વિના ચડવા ધારે તો તે જરૂર નિચો પડી નુકશાનને પામે છે. માટે એક

સિ૦ દમ નહિં ચડતાં અનુક્રમે પગથીએ ચડેતો પ્ર૦
જરૂર તે ઉંચા મકાન ઉપર પોહોચે એમ
૬૪ અનુક્રમેજ સારૂ થાય સત્ પુરૂષોનાં વચન છે
તે સત્ય છે. તેમ કરમ ઉપાસનાને જ્ઞાન એમ
અનુક્રમેજ સારૂં થાય. પ્રથમ બારાખડી ભણે
ત્યારેજ મોટા ગ્રંથોમાં પ્રવેશ થાય. કકારાદિ
અક્ષર તો ભણ્યો નથી ને કહેશે કે હું
મોટો પંડીત છું એમ કોઇ માનેજ નહિં
એમ તે વિવેકીએ સમજીને વાચકજ્ઞાની
નો સંગ કરવો નહી ॥ ૮૧ ॥ ૮૨ ॥ મૂલ;

वाचक ज्ञानिनो रवि, कादे न करीए संग;
नरके पाडे ने पडे, दुर्मति दुष्ट अभंग ॥८३॥ ૬૪

रविदास वाचक नर,कदि न पामे पार; तेथी अणसमजु भलो, समजाव्यो लहे सार ॥८४॥ रवि भक्त थइ जगतने, करे कपट उपदेश; कर्म उपासना शुं करो, धरो आनंद अशेष॥८५॥ एम कहि जग भोळवे, ताणे मत अपार; गुरु वाणिना अर्थने, समजे नहि गमार ॥८६॥ कंठी बांधे कूडथी, पुजावा निमत; संतगुरु सेवे नही, ए बुडयानी गत ॥ ८७ ॥ संसारी थइ संतनी, करे बराबर चाल; रविदास ते मुढना, बुरा करे जम हाल॥ ८८ ॥ रवि

સિ૮ भक्त थइ जगतनी, ले पुजाने दान; साधु अ- ૫૦
૬૫ र्थे लइने, करे कुटुंब सन्मान ॥८९॥ जगत
भक्त थइ संतने, निंदे नरके जाय; रविदास
दुर्गुण तजी, सेवे तो सुख थाय ॥ ९० ॥
संत दोष द्रष्टि पडे, तो जोडी जुग हाथ; के-
हेवुं कृपालु न घटे, आ अवगुण गुरुनाथ॥९१॥

ટીકા—શ્રી રવિરામ સ્વામી કહે છે કે પોતે પરમપદની દશાને પામ્યો નથી અને કર્મ ઉપાસનાને ખંડન કરનાર જે વાચ્યકજ્ઞાની તેનો કોઇ વખતે ભુલથી પણ સંગ કરવો નહી. તે વાચ્યકજ્ઞાની તો અવશ્ય પોતે નર- ૬૫

કે પડશે અને તેના સંગીને જરૂર નરકે પાડશે તેથી વિવેકીએ તેનો સંગ કરવો નહી. જે વિષે કહ્યું છે કે, श्लोक—सांसारिकसुखासक्तं ब्रह्मज्ञोस्मीति वादिनं ब्रह्मकर्मोभयात् भ्रष्टंतत्येज द्धत्यजंयथा॥ અર્થ—સંસારી વિષય સુખમાં આસકિતવાન છે અને મુખથી હું બ્રહ્મવિત્ છું એવું બોલનાર કર્મ જ્ઞાન બેનો• અધિકારી ન હોવાથી બ્રહ્માનંદથી તથા વિધિપૂર્વક શુભ નિષ્કામ કર્માથી ભ્રષ્ટ થનારને ચંડાલની જેમ દૂરથી અધિકારી પુરૂષોએ એવા વાચક જ્ઞાનીનો ત્યાગ કરવો એ શુષ્ક જ્ઞાની પુરૂષાર્થ કરતાં સુ

સિ૦ ધરે તેમ નથી. કેમકે તેની ખોટી મતિ પ્ર૦
નાશ થાય તેવી નથી માટે તેને દુર્મતિ દુ-
૬૬ ષ્ટ અભંગ કહ્યો છે. તેટલા માટે સત્પુ-
રૂષો કહે છે કે વાચકજ્ઞાની કોઈ કાળે પણ
સંસાર સાગરથી પાર ઉતરશે નહિ. માટે
તે વાચકજ્ઞાની કરતાં અજ્ઞાની સારો. જે
કોઇ સંતપુરૂષોનો સમજાવ્યો સમજે તો
ખરો. માટે વાચકજ્ઞાની કરતાં અણુસમજુ
ને સારો કહ્યો છે. શ્રી રવિરામ સ્વામી
કહે છે કે નાસ્તિક મતવાદી ભકત જગત-
ના લોકોને અનેક યુકિતથી અનેક શબ્દ
સાખીઓ બોલીને ઉપદેશ કરે કે તમો વ- ૬૬

થાં વેદ વિધિ વાકય જાળમાં ફસાઇ મરો છો. ખુબ ખાવો પીઓ મોજ માણો વ્રથા નાહાવું, ધોવું, તીર્થ. વ્રત, પથરને પાણીમાં શું છે. કશું નથી, એ તો વ્રથા છે માટે આનંદ ભોગ કરો. એમ અનેક યુકિતથી વાતો કરી જગતના ભોળા લોકોને ભોળવીને પોતાના નાસ્તિક મતને સ્થાપે છે અને સત્પુરૂષોના શબ્દનો અર્થ સમજયા વિનાં ગમાર વ્રથા ભકિતનું માન કરીને કેવળ નરકનોજ અધિકારી થાય છે. તેમજ મતવાદિ પોતાનો સ્વાર્થ સાધવા કુડથી કહેતાં કપટ પ્રપંચ પાખંડી બધા જગતના ભોળા મા-

સિ૦ ણસો પાસેથી દ્રવ્ય લઈ વૃથા ઉપયોગ કરે પ્ર૦
છે ને મતવાદિ પોતે પૂજાવા સારૂ હરિગુરૂ
૬૭ સંત શાસ્ત્રને નહિ માનતાં પ્રતિકુલ ચાલે
છે, તેથી સંસાર સમુદ્રમાં વારંવાર જન્મ
મરણ દુઃખને ભોગવે છે. એમ મતવાદિ પો
તે સંસારમાં રહી સ્ત્રી પુત્ર પરિવારમાં ગું-
ચાઈ પડેલોતે વળી સાધુજનો સંસારથી
વિરકત થયા છે તેના બરાબર ચાલવા ઈ-
ચ્છા કરે છે, એવા મુઢ મતવાદિના શ્રી ર-
વિરામ સ્વામી કહે છે કે જમરાજા ખુસા
હાલ કરશે. કારણ કે પોતે ભકિતનું માન ક-
રી જગતમાંથી ધાઈ ધુતિ ખોટા ખોટા ૬૭

ઉપદેશ કરી દ્રવ્ય સાધુ નિમીતે લાવીને તેનો ઉપયોગ પ્રતિકુલ એટલે પોતાના પુત્ર પુત્રીના ભરણુ પોષણ લગ્ન વિગેરે કાર્યોમાં વાપરે છે તેથી પુજા આપનાર ને લેનાર બેઉ નરકના અધિકારી છે. એટલુંજ નહિ પણ નામ ભકત ધરાવે ને સંતની નિંદા કરે છે માટે શ્રી રવિરામ સ્વામી કહે છે કે ભકત અથવા સંસારી જે કોઇ સંતની નિંદા કરે તો અવશ્ય અધમ ગતીને પામે છે માટે તેમ નહિ કરતાં સંત મહાત્માની સેવા કરે તોજ ગ્રહસ્થ ભકતનો ઉદ્ધાર છે. અવગુણનો ત્યાગ કરીને માત્ર ગુણનેજ ગ્ર-

સિ૦ હુણ કરવો એજ ઉત્તમ પુરૂષની રીત છે. પ્ર૦
કોઈ શંકા કરે કે અવગુણ સાધુમાં હોયતો
૬૮ સેવા કરવી કે કેમ? ત્યાં મહાત્મા પુરૂષોએ
કહ્યું છે કે જે ઉત્તમ ભકત જન છે ને જેને
મોક્ષની ઈચ્છા છે .તેણે તો જો સાધુમાં કો
ઈ પહેરવા ઓઢવા વિગેરે દુષણ રાજસી
તામસી દેખવામાં આવે તો બે હાથ જોડી
કેહેવું કે હે સાધુ મહાત્માઓ આપતો સા
ક્ષાત હરિરૂપ છો તેને આવાં લક્ષણ કે જે-
થી સંસારમાં નિંદા થાય તેવા અવગુણ આ
પ મહાત્માજનોમાં ઘટેજ નહિ માટે હે
કૃપાળો સંતના લક્ષણ જેવાં છે તેમ વર્તવા ૬૮

કૃપા કરશો એમ ઉત્તમ ભકતોએ પ્રાર્થના કરવી. જો શુદ્ધ સાધુ હશે તો શિઘ્ર ગુણ ગ્રહણ કરી અવગુણનો ત્યાગ કરશે અને જો વંચક હશે તો અવગુણનો ત્યાગ કરશે નહિ. માટે એવા વંચક વેષધારીની ભકતજનોએ નિંદા ન કરતાં ઉપેક્ષા કરવી કેમકે નિંદાથી શુભ કર્મનો નાશ થાય છે ને નિંદા જેવું બીજું પાપ નથી માટે ઉપેક્ષા એજ ઉત્તમ છે ॥ ૮૩॥૮૪॥૮૫॥૮૬॥૮૭॥૮૮॥૮૯॥૯૦॥૯૧ ॥ मूल; रत्रि भक्त ते जाणत्रो, करे संत सनमान; भेद बुद्धि अंतर तजी, भजे राम निर्मान ॥ ९२ ॥ वीर अवा जे

भक्त छे, तेतो संत समान; मतवादि बीजा
६९ खरा, पामे नरक निदान ॥ ९३ ॥ संसारीक
सुखने तजे, भजे ब्रह्म भरपूर; रविदास ते
संत जन, कामादिकथी दूर ॥९४॥ रवि शि-
ल संतोष जे, संत तणा शणगार; आछकलां
आभुषण वसन, धारे जगत असार ॥९५॥
रवि संत जन हंस सम, ग्रहे गुरुनो बोध;
थीर नीर विवेकथी, त्यागे अवगुण शोध
॥९६॥ साधु आ संसारमां, तारण तरण सु- ६८
जाण; रवि पूजे जो प्रेमथी, साचा भक्त प्र-

प्राण ।। ९७।। साधुना दर्शन थकी, मिटे चोराशी खाण; स्पर्श करे जो प्रेमथी, पामे पद निर्वाण ।। ९८ ।। रविदास साधु खरा, सेवे सतगुरु श्याम; असाधु भटक्या करे, हरवा जगमां दाम ।। ९९ ।। असाधु अवगुण भर्या, अंतर नहि आराम; उपरथी तो हंस, करे बगलानां काम ।। १०० ।। ટીકા. શ્રી રવિરામ સ્વામી કહે છે કે ભકતતો તેનેજ કહેવો કે પોતે નિર્માન થઇ અંતરમાંથી ભેદ બુદ્ધિ ત્યાગી શ્રી હરિગુરૂ સંત બ્રાહ્મણાદિકની પ્રેમથી ભક્તિથી સેવા કરે એવા જે

સિ૦ ભકત જનછે તે તો સંત રૂપજછે. ભકતમા- પ્ર૦
૭૦ ળમાં કહ્યું છે કે, ભકિત ભકત ભગવંત ગુરૂ, ચતુર નામ વપુ એક; તિનકે પદ વંદન કિએ, નાસત વિઘ્ન અનેક ॥ ૧ ॥ માટે શુભ લક્ષણ સંપન્ન સંત તથા ભકત બંને એકજ રૂપ છે તેમ ન હોય ને જો પૂર્વે કહ્યા એવા હોય તો તે નરકના અધિકારી છે. કારણ કે મતવાદિ થઈને સાધુ નિમીતે માગી લાવી પોતાની સ્ત્રીયોને તથા છોકરાઓને તથા પુત્રીયોને ઘરેણાં વસ્ત્ર વિગેરે કરાવીને વેવાઈ વિગેરેને પ્રેમથી મિષ્ટાન્ન પદાર્થ જમાડે છે.
ને સાધુને સુકુ લુખુ ભોજન આપેછે એ ભ- ૭૦

કતોને યોગ્ય નથી અને સંતજનોએ સં-
સારીક સુખને તથા કામ ક્રોધ લોભ મોહા-
દિકનો મનથી, વચનથી, શરીરથી ત્યાગ કરી
ને એકાગ્ર વૃત્તિથી અખંડ પરમાત્માનું સ્મ-
રણ કરવું માટે શ્રી રવિરામ સ્વામી કહેછે
કે સાધુ પુરૂષોએ અછંકલાં વસ્ત્ર આભુષણ
નો ત્યાગ કરી શિલ સંતોષ શાંતિ દાંતિ
વિગેરે દૈવ સંપત્તિ રૂપ શણગાર ધારણ કર-
વા તે વિના જે હુલકાઈ પણ તે તો જગ-
તમાં ઊત્તમ પુરૂષ પણ ધારતા નથી તો
સંતને કેમ શોભે. અસાર કહેતાં હુલકા
માણસજ હલકાઈ ધારણ કરે છે સાધુ થઈ,

ંસ૦ ને પ્રથમ પોતાના વેષની પણ ખબર નથી પ્ર૦
ને તે રજોગુણી પદાર્થ ઉપરથી મોહ મટયો
૭૨ નથી તો બીજાનું શું કલ્યાણ કરવાના છે
માટે સાધુએ તો દૈવિ સંપતિના ગુણો અં-
તર બાહિર ધારણ કરીને આપણા આ-
ત્માનો તથા સર્વ અધિકારી જનોનો ઉદ્ધાર
કરે એવા સંતતો હંસ્ર રૂપજ છે જેમ હં-
સ દૂધનું ગ્રહણ કરેને પાણીનો ત્યાગ કરે છે,
તેમ સંતજન શ્રી ગુરૂનો બોધ વિવેકથી ગ્ર-
હણ કરેછે ને અવિદ્યા રૂપ પાણીનો ત્યાગ
કરેછે તેવો વિવેક ધારણ કરે ત્યારે વિવેકી
સંત કહેવાય એવા જે સાધુ લક્ષણ સંપન ૭૨

મહાત્મા જનછે તે જગતમાં સાક્ષાત તારણ તરણછે માટે પૂજવા યોગ્ય છે. સાધુનાં લક્ષણ કોઇ શાસ્ત્રમાં કહ્યાં છે श्लोकः अक्रौध वैराग्य जितेंद्रियत्वं क्षमादया सर्व जनाप्रियत्वं निर्लोभ दाता भय शोक हर्ता ज्ञानी नरस्य दश लक्षणानि ॥ અર્થ-ક્રોધ રહિત, વૈરાગ્યવાન, જીતેંદ્રિય, ક્ષમાવાન, દયાવાન, સર્વેજન ઉપર પ્રિયતા, લોભ રહિત જ્ઞાન દાતા, ભય શોક હરવા વાળા એવા જ્ઞાની સંતને શ્રી રવિરામ સ્વામી કહે છે કે જો પ્રેમથી પૂજે તો અવશ્ય મોક્ષપદને પામે. માટે ભકતજનોએ તો તે જ્ઞાની સંતનું પૂજન અવશ્ય કર-

વા યોગ્ય છે. તેમજ એવા જે સાક્ષાત્કાર શ્રી
હરિ મૂર્તિ જે મહાત્મા સંતજનો તેના દ-
ર્શનથી લક્ષ ચોરાશીની ખાણ અવશ્ય મટે
જ. તેમના ચરણનો સ્પર્શ પ્રેમથી કરે તો
અંવશ્ય અચલ નિર્વાણ મોક્ષ ધામને પામે
પણ ચરણ સ્પર્શમાં વિવેક કરવો મહાત્માની
મરજી જોઇને વર્તવું. નઉધા ભકિત લક્ષણ.

श्रवणं क्रितनं विष्णोः स्मरणं पाद सेवनं
अर्चनं वंदनं हास्यं सख्यमात्मनिवेदनं ॥

તે નવધા ભકિત કરીને મહાન ફળને જે
પામ્યા છે તે અધિકારીઓનાં નામ વિષે
કહ્યું છે કે- **विष्णोस्तु श्रवणे परिक्षदभवत्**

वैयासकी कीर्तने । प्रल्हाद स्मरणे तदंघ्रि भजने लक्ष्मी पृथुपुजने ॥ अक्रुर स्त्वाभिवंदने कपिपति दास्ये च सख्येऽर्जुनः। सर्वस्वात्म निवेदने बलिरभुत् कैवल्यमेषां पदं॥ અર્થ—વિષ્ણુની શ્રવણ ભક્તિમાં પરિક્ષત્ ને કીર્તન ભક્તિમાં શુકદેવ, સ્મરણ ભક્તિમાં પ્રલ્હાદ, ચરણ સેવામાં લક્ષ્મી, પૂજન ભક્તિમાં પૃથુ, નમસ્કાર ભક્તિમાં અક્રુર, દાસ ભક્તિમાં હનુમાન, સખાભક્તિમાં અરજુન, આત્મનિવેદન ભક્તિમાં બળી એ સર્વે ભક્તોને કૈવલ્ય પદ રૂપ મહાફળની પ્રાપ્તિ થઇ છે. મહાત્માસંતના

સિ૦ સત્સંગ કરવા વિશે શ્રીભાગવતમાંકહ્યું છે કે,

૭૩ नह्यम्मयानि तीर्थानि तद्वा मृच्छि लाभयाः । प्र૦
ते पुनंत्युरुकालेन दर्शना देव साधवः ॥१ ॥
सत्संगेन परंप्राप्य दुस्तरं तरते चिरात् । तस्मा-
दति प्रयत्ने न सत्संगं सततं कुरु ॥ २ ॥
गंगापापं शशीतापं दैन्यं कल्पतरुर्हरेत् । पाप
तापं तथा दैन्यं हरेत्साधु समागम ॥ ३ ॥
जाड्यंधियो हरति सिचति वाचि सत्यं । मा-
नोन्नति दिशति पाप मपाप करोति ॥ चेतः प्र-
सादयति दिक्षु तनोति कीर्ति । सत्संगतिः क- ૭૩

यर्याकि न करोति पुंसां ॥ ४ ॥ अर्थ-गंगा-
દિક અર્થ તિર્થો નથી એમ નહિ કિંતુ તિર્થ-
રૂપ તો છે તેમ મૃતિકા પાષાણુ વિગેરે મૂ-
ર્તિઓ દેવરૂપ નથી એમ નહિ શ્રદ્ધાળુને તે
પણુ દેવરૂપ છે તે તિર્થ તથા મુર્તિઓ સ્ના-
ન દર્શનાદિ સેવન કરવાથી બહુ કાળે કરીને
અદૃષ્ટ દ્વારા પવિત્ર કરે છે ને સાધુ પુરૂષો
તો કેવળ દર્શન માત્રથી પવિત્ર કરે છે એટ
લે અધિકારી થાય છે. ॥ ૧ ॥ એ મહાન
પુરૂષોના સત્સંગ વડે કરીને પરમાત્માને પા-
મીને દુઃખેથી તરાય એવો સંસાર સમુદ્ર તે
તત્કાલ જ્ઞાનરૂપ નૌકાવડે કરીને તે અધિકા-

સી પુરૂષો તરીને પાર મોક્ષપદને પામે છે, જે કારણ માટે સત્સંગનો અદભુત મહિમા છે તે કારણ માટે વિવેકી પુરૂષોએ નિરંતર અતિ પ્રયત્નવડે કરીને સત્સંગ કરવો. ॥ ૨ ॥ જેમ ગંગા પાપને, ચંદ્રમા તાપને અને કલ્પતરૂ દ્રરિદ્રતાને હરેછે તેમ સંત સમાગમ એ ત્રણેને હરેછે॥ ૩ ॥ સત પુરૂષોનો સમાગમ અધિકારી પુરૂષની બુદ્ધિની જડતાને હરેછે, વાણીને વિષે સત્યતાને પ્રાપ્ત કરેછે, માન બડાઇને આપે છે, પાપને નિવૃત કરેછે, ચિત્તને આનંદ પમાડે છે. દિશાઓને વિષે કીર્ત્તિને વિસ્તારે છે એવી સત્સંગતિ કહો

અધિકારી પુરૂષોનાં શું શુભ કાર્યને ન કરે કિંતુ સર્વ શુભ કાર્યને કરે છે. વળી વાલ્મિકી રામાયણમાં કહ્યું છે કે શ્લોક साधूनां दर्शनं पुन्यं स्पर्शनं पापनाशनं। संभाषणं महा पुन्यं सेवनं परमं पद ॥ અર્થ- સાધુના માત્ર દર્શનથીજ પુન્ય ઉત્પન્ન થાય છે. ચરણ સ્પર્શથી પાપ માત્ર નાશ થાયછે. તેમની સાથે જ્ઞાન ચર્ચા રૂપ ભાષણ કરવાથી મહા- પુન્ય કહેતાં જ્ઞાનાદિક ફળની પ્રાપ્તિ થાય છે ને પ્રેમથી સેવા કરવાથી એટલે અન્ન વ- સ્ત્રાદિ સેવાથી પરમપદને એટલે સાક્ષાત્ મો- ક્ષપદને પામે છે. શ્રી રવિરામ સ્વામી કહેછે

સિ૦ કે "એવા જે મહાત્મા સાધુ પુરૂષ તે શ્રી હ- પ્ર૦
રિનું સ્વરૂપ છે એવા સાધુ હોય તે પણ
ભપ સત્ ગુરૂ ની પ્રેમથી સેવા કરે તે ન બને તો
તિર્થમાં રહિને શ્રી પરમાત્માનું ચિંતવન
કરે. ગુરૂ શેવા અથવા તિર્થ સેવન વિના જે
સંસારી લોકોને ઘેર ઘેર ભટક્યા કરે એ અ
સાધુ અવગુણ રૂપ જગતમાં દામ હરનારા
પોતે નરકે જાયને સેવા કરનારને નરકમાં
પાડે છે એટલા માટે શ્રી રવિગુરૂ કહેછે કે
અસાધુ અવગુણના ભરેલા તેને અંતરમાં આ-
રામ ક્યાંથી હોય. આરામ તો સાધુ લક્ષણ
આવે ત્યારેજ હોય. ને શાંતિ પણ ત્યારેજ ભપ

પામે ને વળી દર્શન કરે તેને પણ શાંતિ પમાડે તેમ નથી ને પોતે આશા તૃષ્ણાથી બળતો હોય તો બીજાને કેમ કરી શાંતિ કરે, એ વેષધારી સાધુ ઉપર તો દેખવામાં હંસ જેવોને અંતરમાં કામ બગલા જેવાં કરે માટે એવા બાનાધારીની નિંદા નહી કરતાં માત્ર સમયસર અન્ન આપી દઇને ઉપેક્ષા કરવી..સત્સંગ તો જે મહાત્માઓના લક્ષણ કહ્યાં તેવાનો કરવો ને જે સાધુમાં સંત લક્ષણ આવે તે સાક્ષાત વંદન કરવા યોગ્ય શ્રી હરિજ છે. બાનાધારી માત્ર અન્નનોજ અધિકારી છે એમ વેદ શાસ્ત્રને સત

સિ૦ પુરૂષો વારંવાર કહેછે. તે વિવેકીયે વિવેક પ્ર૦
૭૬ ગુરૂ શ્રી દ્વારા જાણી વર્તવું ॥ ૯૨ ॥ ૯૩ ॥
૯૪ ॥ ૯૫ ॥ ૯૬ ॥ ૯૭ ॥ ૯૮ ॥ ૯૯ ॥ ૧૦૦
मूल; गुरु शब्द भावे नही, भावे कूडां काम;
साधु नाम धरावतां, लाजे नही हराम ।१०१।
शुं करवा साधु थयो, जो मन करे विचार;
तो अवगुण त्यागे खरो, जाणी सार असार
॥ १०२ ॥ सारां सारां पहेरवां, सारा इ-
च्छे भोग; साधुने नहि संभवे, संसारीनो
योग ॥ १०३ ॥ साधु सादाई धरे, करे गुरु ૭૬

पद वहाल; शांत स्वरूपे थइ रमे, साचा स-
द्गुरू बाल ॥ १०४ ॥ रविराम साधु भजे,
तजे असाधु संग; ग्रहे गुरुना शब्द तो, पामे
पद अभंग ॥ १०५ ॥ श्रीपति श्री मुखथी
कहे, साधु तणां वखाण; पोते पोतानुं नव
लहे, एथी कोण अजाण ॥ १०६ ॥ साधुनि
सेवा विना, कोइ न पामे पार; तेथी अवगुण
त्यागीने, ग्रहें सकल गुणसार ॥ १०७ ॥जो
सुखनी इच्छा करो, तो हरो मान अपमान;
निंदा चोरी जारीने, तजो भजो भगवान
॥ १०८ ॥ ટીકા. માટે શ્રી રવિરામ સ્વામી

સિ૦ કહે છે કે સાધુ એ કાંઇ જેવી તેવી વાત પ્ર૦
નથી. સાક્ષાત ઈશ્વરરૂપ છે ને જે પ્રથમ
૭૭ લક્ષણ કહ્યાં તે ન હોયને સાધુ વેષ પહેરી
લીધો એટલામાંજ કૃતાર્થ માની શ્રી ગુરૂની
આજ્ઞા ઓલંઘન કરી મનમુખી થઇ ખો-
ટાં કર્મ કરે ને વળી મનમાં અભિમાન કરે
કે હું સાધુ છું મને કેમ લોકો નમસ્કાર ક-
રતા નથી. એવા નિર્લજ વેષધારીને કેમ
લાજ નથી આવતી જે પોતાના અવગુણ
સામુ જોતો નથી. એથી નિર્લજ બીજો કોણ
હોય માટે એ સાધુ સતગુરૂની વાણી અથ-
વા મહાત્માઓનો સંગ કરી પોતેજ પોતાના
અવગુણ ટાળે ને અંતરમાં એકાગ્ર વૃત્તિથી ૭૭

વિચાર કરે કે અરે મેં સંસારથી વિરકત થઇને સાધુપણું ધારણ કર્યું તો મારે શું કર્તવ્ય છે, તે મારે અવશ્ય સત્ પુરૂષ-દ્વારા વિચારવાનું છે. એમ પોતાના અંતરમાં વારંવાર વિચાર કરી જોઇ પોતામાં શું અવગુણ છે, તેનો તપાસ કરી અનુક્રમે ગુણનું ગ્રહણ કરતો જાયને અવગુણનો ત્યાગ કરતો જાયને દરરોજ એકાંતમાં વિચારે કે આજ આટલા ગુણનો ગ્રહણ થયો ને આટલા અવગુણનો ત્યાગ થયો એમ હમેશાં વિચાર કરે તો અવશ્ય સાધુતાને પ્રાપ્ત થાય ને સાક્ષાત્ શ્રી હરિરૂપ થઈ જાય માટે સાધુ-

સિ૦ જનોએ દુર્વ્યનોનો ત્યાગ કરી સદાચરણ પ્ર૦
ધારણ કરવું. વિચિત્ર પ્રકારના રજોગુણી
૭૮ વસ્ત્રો ને ઘરેણાં સોના રૂપાનાં ને હોકા સુકા,
ગાંજા વિગેરે દુર્વ્યસન સંસારીમાં પણ જે
ઉત્તમ પુરૂષછે તે પણ ગ્રહણ કરતા નથી ત્યારે
સાધુને તો ઘટેજ કેમ? કારણકે પ્રથમ જયારે
સાધુપણાને ધારણ નહોતું કર્યું ત્યારે દુર્વ્ય-
સન હતાંજ નહિંને સાધુ થયો એટલે ઉલટાં
વધારે દુર્વ્યસન વાળો થયો એ તે સાધુ કે
શું કેહેવો માટે સાધુએ અવશ્ય વિચારવું કે
સંસારી કરતાં કાંઇક વધારે શુભ ગુણ પ્રાપ્ત
કરવા જોઇયે ત્યારેજ સાધુ કહેવાય નેસરવે- ૭૮

ને વંદન કરવા યોગ્ય થાય તેટલાજ માટે શ્રી રવિરામગુરૂએ શ્રીમુખે કહ્યું છેકે, સાધુને નહિં સંભવે સંસારીનો યોગ. સંસારીમાં પણ જે ઉત્તમ મુમુક્ષુ છે તે દુરગુણને ત્યાગેછે, તો સાધુને તો અવશ્ય શુભ ગુણ ધારવાજ. સાધુ થયો માટેજ સદાચરણ પણું સર્વ પ્રકારે ધારણ કરે ને શ્રી ગુરૂના ચરણમાંજ પ્રેમ ધરી શાંત થઇ સ્વ સ્વરૂપમાંજ રમે વિષયાદિક માર્ગમાં રમે નહી તેજ સત્ ગુરૂના સાચા બાલક કહેવાય તે વિનાના બીજાતો કહેવા માત્ર સત્ગુરૂના બાળછે. બાકીએ તો ગુરૂનો શબ્દ ન માનવાથી કેવળ સુ-

સિ૦ રૂને દુષણ લગાડવાવાળા ગુરૂ દ્રોહી છે. માટે પ્ર૦
રવિરામ સ્વામીએ સાચા બાળક કહ્યા, તેથી
૭૯ શ્રી રવિરામ સ્વામી વારંવાર પ્રેમથી કહેછે
કે જેમ શ્રી હરિને ભજવા તેમજ સાધુને
ભજવા અનેં જે દુર્લક્ષણવાળા અસાધુ તે-
મને તજવા. તેમ કરવાથી તે ગુરૂમુખી
સાધુ શ્રી ગુરૂના શબ્દ વડે અભંગ જે અ-
વિનાશી પદ તેને પામે છે. વળી સાધુઓએ
વિચારવું જોઇએ કે જે સાધુઓના સાક્ષાત્
શ્રી પતિ જે વિષ્ણુ ભગવાન શ્રી મુખે વખા-
ણ કરેછે. તેમજ ગીતામાં કહ્યું છે. अद्वेष्टा
सर्वभुतानां मैत्रः करूणएव च ।निर्ममो निर- ૭૯

हंकारः समदुःख सुखक्षमी ॥ १ ॥ संतुष्ट सततं योगीयतात्मा द्रढ निश्चयः । मय्यार्पितमनोबुद्धिर्योमे भक्तः समेप्रियः ॥२ ॥ तुल्य निंदा स्तुतिर्मौनी संतुष्टोयेन केन । चित् अनिकेतः स्थिर मति भक्ति मान्मे प्रियोनरः ॥३ ॥

અર્થ—સર્વ ભૂતના દ્વેષથી રહિત તથા મૈત્રી કરૂણાદિ ગુણવાળો તેમ મમતા અહંકાર રહિત ને સુખં દુઃખને વિષે સમાન ને ક્ષમાવાન ॥ ૧ ॥ સદા સંતોષી બ્રહ્મને વિષે સ્થિર ચિત્તવાળો ઈંદ્રિય અંતઃકરણના નિરોધવાળો એક પરમાત્મા સ્વરૂપ અચલ નિશ્ચયવાન પ-

સિ૦ રમેશ્વર સ્વરૂપમાં મનબુદ્ધિ અર્પણ કર્યાં છે પ્ર૦
જેણે એવો મારો જે ભકત છે તે મને પ્રિય
૮૦ છે ॥ ૨॥ નિંદા સ્તુતિ માન છે જેને તે મન
નશીલ ને ચથા લાભમાં સંતોષી ને મમતાનો
વિષય ભૂત જે એક પોતાનું સ્થાન તેથી ર-
હિત ને સદા પરમેશ્વરને વિષે અચળ બુદ્ધિવા-
ળો એવો જે અનન્ય ભકિત વાળો જે ભકત
છે તે હે અર્જુન મને પ્રિય છે. એવા ભગ-
વાનને પ્રિય જે ભકત તથા સાધુ તેઓના અ
દ્ભુત મહિમાને ન જાણીને જે બહિર્મુખપણા
થી વર્તે તેથી જગતમાં અજ્ઞાની બીજો કોણ.
એવા જે સાધુ તેમજ બીજા ઉત્તમ શાસ્ત્રમાં ૮૦

વારંવાર લખેછે કે સાધુની સેવા વિના કોઈ વખતે કોઇ પણ સંસાર સાગર તરે નહિ. માટે હરિજનોએ જે શ્રી પતિ જેનાં વખાણ કરેછે તેવા સંતની સેવા કરી સંસાર દુઃખ દરિયાથી પાર થવુંજ. માટે જો અખંડ સુખ-ની ઇચ્છા કરો તો માન અપમાનને હણો એટલે કોઇ માન કરે અથવા અપમાન કરે તેમાં રાગદ્વેષ કરવો નહી અથવા બીજાનું અપમાન ન કરતાં માન કરવું. પોતે અમાની રેહેવું પ્રાણી માત્રની નિંદા ન કરવી તેમજ ચોરી, જારી, કપટ, ચતુરાઇને તજો ને નિર્વિ-કારી થઈ શ્રી પરમાત્માને ભજો તોજ અખં-

સિ૦ ડ પદની પ્રાપ્તિ થાય છે તે વિના અખંડપદ પ્ર૦
૮૧ દૂર છે ॥ ૧૦૧ ॥ ૧૦૨ ॥ ૧૦૩ ॥ ૧૦૪ ॥
૧૦૫ ॥ ૧૦૬ ॥ ૧૦૭ ॥ ૧૦૮ ॥
मूल; प्रथम गुरूपद वंदीने, करी संतनी सेव;
श्री हरि समर शुद्ध मन, पामे पद अभेव
॥ १०९ ॥ वेद वचन गुरू मुख ग्रही, धारी
दृढ विश्वास; सारा सार विचारतां, प्रगटे ब्रह्म
प्रकाश ॥ ११० ॥ सरिता सागरमां मळी, त
जी नामने रूप; जीव शिव ए नाम जो, टले
थाय तद्रूप ॥ १११॥ ज्यां सुधी जीव शि ८१
वनो, अंतरमां छे भेद; त्यां सुधी रवि वर्तवुं,

विधि वचन जे वेद ॥ ११२ ॥ ज्यां सुधी
वेहेवारमां, वर्ते छे बुद्धिमान; त्यां सुधी विधि
वेदनी, वर्ते थइ निर्मान ॥ ११३ ॥ ज्यारे शु-
द्ध स्वरूपमां, पूर्ण प्रगट्यो भाव; रवि कर्म क-
रवां तजी, वर्ते सेहेज स्वभाव ॥ ११४॥ कर्ता
हर्ता सदगुरू, मनमां धारे आप; रविदास म-
मता तजे, कदि न लागे पाप ॥११५॥ ज्ञा
नी कर्म उपासना, तजे न प्रगटे पाप; जो क-
दापि सेहेज करे, तो पुन्य न पामे आप।११६।
पुन्य पाप करनार जे, तेतो पाम्यो नाश; र-

સિ૦ विदास सुभर भर्यो, दीसे ब्रह्म प्रकाश॥११७॥ પ્ર૦
૮૨ राम द्वेष कोनो करे, कोण पुरुष कोण नार;
सघले देखे ब्रह्ममय, वस्तु सचराचार।११८।
रागद्वेष वस्तु विषे, ज्यां सुधी छे जाण; त्यां
सुधी रावि दूर छे, अखंड पद निर्वाण.११९।

ટીકા—પ્રથમ શ્રી ગુરૂની સેવા કરી ગુરૂ આજ્ઞા પુર્વક સંતને વંદન કરી પ્રેમથી સેવવાને શ્રી હરિનું સ્મરણ શુદ્ધ મનથી કરે તોજ અંતઃકરણ શુદ્ધ થાય ને અભેદ પદને અવશ્ય પામે માટે મોક્ષની ઈચ્છાવાળા મુમુક્ષુઓએ ૮૨
હરિગુરૂ સંતની સેવા પરાયણ થઈ અંતઃક-

રણ શુધ્ધ કરી દુઃખ દરિયાથી તરી જવું. વેદનાં જે વાક્ય છે તે શ્રી ગુરૂ મુખેથી ૧.શ્રવણ (એટલે વેદાંત વાક્યોનો ષટલિંગ ઉપક્રમાદિથી અદ્વિતીય બ્રહ્મમાં તાત્પર્ય નિશ્ચય તે.)ર. મનન (એટલે અભેદની સાધક તથા ભેદની બાધક યુક્તિઓથી અદ્વિતીય બ્રહ્મનું ચિંતન તે).૩. નિદિધ્યાસન. (એટલે અનાત્માકાર વૃતિના અંતરાયથી રહિત બ્રહ્માકાંર સજાતિય વૃતિની સ્થીતિ કરી તે) દ્રઢ વિશ્વાસ પૂરવક જે શ્રી ગુરૂનાં વચન છે તે સત્યજ છે ને વેદ શાસ્ત્ર યથાર્થ છે એવો જે દ્રઢ વિશ્વાસ તે સત્ય સ્વરૂપના જ્ઞાનમાં સહ-

સિ૦ કારી થઈને સાક્ષાત્ બ્રહ્મ પ્રકાશને પમાડેછે પછી ૫૦
બ્રહ્મ પ્રકાશ કહેતાં સ્વ સ્વરૂપ થયો એટલે
૮૩ જેમ નદી સાગરમાં ભળી ત્યારે તેનું નદી
એવું નામ ને પ્રવાહ જે રૂપ એ સર્વે સમુદ્ર-
માં ભળતાં નિવૃત થયું. તેમજ જીવ શિવ
એવાં જે નામરૂપ એ સર્વે નિવૃત થઈ સા-
ક્ષાત્ બ્રહ્મજ થયો. ને જ્યાં સુધી જીવ શિ-
વની ઉપાધિ નિવૃતિ નથી થઈ ને ભેદ બુદ્ધિ
રહી છે ત્યાં સુધી રવિરામ સ્વામી કહેછે કે
વેદની જે આજ્ઞા વિધી તે અવશ્ય કરવી ને
નિષેધ કર્મનો અવશ્ય ત્યાગ કરવો. પછી
જ્યારે શુદ્ધ સ્વરૂપનું સાક્ષાતકાર અપરોક્ષ ૮૩

જ્ઞાન થયું ત્યાર પછી કર્મ કરે અથવા ન કરે, સહજ સ્વભાવે વર્તે. સહજ સ્વભાવ તે કર્તા હર્તા શ્રી હરિ ગુરૂ છે એમ જાણી પોતાના ઉપર કાંઇ પણ બોજો ન લેતાં ને અહંતા મમતાનો બરાબર ત્યાગ કરે તેને પછી પુન્ય પાપનાં શુભાશુભ ફળ ભોગવવાનાં છેજ નહી. જ્યાં સુધી તેમ નથી થયો ને અહંતા મમતા છે ત્યાં સુધી શુભાશુભ કર્મફળનો ભોક્તા છે. તેમાં દ્રષ્ટાંત—કોઈ સદગૃહસ્થે દશ વીશ હજાર રૂપિયા ખરચીને સુંદર તળાવ બનાવ્યું તે ગૃહસ્થે તળાવ નિમિતે બ્રહ્મભોજન કર્યું તે બ્રહ્મભોજનની સામગ્રીમાં

સિ૦ ગાયે આવીને મુખ નાખ્યું ને તેને હાંકવા પ્ર૦
સાર તે ગૃહસ્થે પોતાની જાતે હાથમાં લા-
૮૪ કડી લઇ ગાયને મર્મસ્થાનમાં મારી કે ગાય
તરત મરી ગઈ તે વખતે લોકોએ કહ્યું કે
તમને ગૌહત્યા લાગી ત્યારે તે ગૃહસ્થ બો-
લ્યો કે વિચાર કરીને જોતાં મને હત્યા લા-
ગી નથી કારણ કે હું કર્તા નથી એતો હ-
સ્તના દેવતા ઇંદ્રને લાગી એટલે ગૌહત્યા
ઇંદ્રની પાસે ગઇ ત્યારે ઇંદ્ર વિચાર પૂર્વક બ્રાહ્મણ
નું સ્વરૂપ ધારી તે ગૃહસ્થ પાસે આવીને
અજ્ઞાત હોય એમ તળાવની સ્તુતિ કરવા ૮૪
લાગ્યો કે આવું તલાવ બનાવનાર સદ્ગૃ-

હુસ્થને ધન્ય છે એમ કહીને ધર્મની વિશેષ-
તા કરી ત્યારે પેલો ગ્રહસ્થ અહંકૃતિથી બો-
લ્યો કે આ તલાવ અમે બંધાવ્યું છે એમ
કહેતાંજ બ્રાહ્મણ રૂપ ઇંદ્રે કહ્યું કે આ ગૌ-
હત્યા પણ તમનેજ પ્રાપ્ત થશે. કારણ કે
જેને કર્તાપણાનો અભિમાન છે તેજ ભો-
ક્તા છે એમ કહીને ઇંદ્ર અંતરધ્યાન થયા.
તેમ જયાં સુધી કર્ત્તાપણાનું અભિમાન છે
ત્યાં સુધી કરેલાં કર્મ અવશ્ય ભોગવવાં પડે
ને જયારે હરિગુરૂ સંત કૃપાથી વિવેક પૂ-
ર્વક ભક્તિ તથા તત્વજ્ઞાન વડે અહંતા મ-
મતા રૂપી ગ્રંથિ છેદન થઇ છે જેની એવા

સિ૦ જે અપરોક્ષ જ્ઞાની જો કર્મ ઉપાસના કદાપી પ્ર૦
લોક હિતાર્થે કરે તો તેને પુણ્યની ઉ-
૮૫ ત્પતિ થતી નથી ને ન કરે તો પાપોની
ઉત્પત થતી નથી. ગીતામાં કહ્યું છે કેઃ—
नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन । न
चास्य सर्व भूतेषु कश्चिदर्थ व्यपाश्रयः ॥
અર્થ—એવા કૃતાર્થ અપરોક્ષ જ્ઞાનીને શુભ-
કર્મ કરવા વડે કોઇ ફલની પ્રાપ્તિ થતી ન-
થી અને ન કરવા વડે આ લોકમાં કોઈ
પદાર્થની એ જ્ઞાનીને હાનિ થતી નથી ને
આ જીવનમુકત આત્મ રતિવાન જ્ઞાનીને
દેવ મનુષ્યાદિ સર્વ લોકમાં કોઇ પણ પદાર્થ- ૮૫

નો આશ્રય નથી કારણ કે ચિદાનંદમાં નિરંતર તૃપ્ત છે તેથી તે જ્ઞાનીને કર્તા ભોક્તા પણું નથી. કારણ કે પુન્ય પાપ કરનાર જે અહંતા મમતા છે, તે નિવ્રત થઇ ગઈ એટલે પુન્ય પાપ કરનાર નાશ થયો. પછી અપરોક્ષ જ્ઞાનીને સઘળે બ્રહ્મમયછે, તો રાગ દ્વેષ કોનો કરે. પોતાના સ્વરૂપ વિના કંઇ પણ દેખે ત્યારે રાગ દ્વેષ થાય તેતો સચરાચર બ્રહ્મ દૃષ્ટિએથી બ્રહ્મ પ્રકાશ સ્વરૂપમય થયો તો તેને પુરૂષો કે સ્ત્રી વિગેરે ભેદ માત્ર રહ્યો નથી. બીજું શું દેખે યાવત્ બ્રહ્માથી કીટ પર્યંત એકજ બ્રહ્મમય જાણેછે

સિ૭ તો વિશેષ શું કહેવું. રાગદ્વેષ, હર્ષ, શોક, ૫૦
૮૬ મોહ વિગેરે. માયિક ઉપાધિ માત્ર નિવ્રત
થઇ તેને તો કંઈ કર્તવ્ય માત્રછેજ નહિ ને
જ્યાં સુધી પ્રિય વસ્તુમાં રાગ અપ્રિયમાં
દ્વેષ છે તેમજ શુભા શુભનું જાણ પણું રહ્યું
છે ત્યાં સુધી શ્રી રવિરામ સ્વામી કહેછેકે
અખંડ સ્વ સ્વરૂપ અતિ દૂર છે તેવા પુરૂષે
કહેલા અપરોક્ષ જ્ઞાનીની જેમ વર્તવું નહિં
કેમ કે શુભા શુભનું જ્ઞાન છે તો શુભાશુભ
ક્રિયા ફૂલનો ભોકતા છે માટે તેવા પુરૂષે તો
વિધિપૂર્વક કર્મ કરવાંજ તેમાં કંઇ પણ પ્ર ૮૬
માદ કરવોજ નહિં ને પ્રમાદ કરે તો અ-

ધમ ગતિનોજ અધિકારી છે ॥ ૧૦૯ ॥૧૧૦ ॥
૧૧૧ ॥ ૧૧૨ ॥ ૧૧૩ ॥ ૧૧૪ ॥ ૧૧૫ ॥
૧૧૬ ॥ ૧૧૭ ॥ ૧૧૮ ॥ ૧૧૯ ॥
मूल; अहं ब्रह्म ए शब्दनो, रह्यो नहि उच्चार;
जा बोले हुं ब्रह्म छुं, त्यां सुधी सविकार
॥ १२० ॥ जेम पुतली लुगनी, पडी पाणी
मोजार; जो बोले हुं पुतली, तो असत्य नि-
रधार ॥ १२१ ॥ अम ब्रह्म थइ ब्रह्म छुं,
जा मुख करे उच्चार; त्यां सुधी रविदास
कहे, बाकी ब्रह्म विचार ॥ १२२ ॥ ब्रह्म
वेत्ताने रवि कहे, सघले सरखा राम; पुन्य-

સિ૦ पाप स्पर्शे नहि, मटयां कर्मने काम. ॥ १२३॥ ५०
८७ ज्ञानीनां जे पाप ते, निंदक लहे जरुर;
पुन्य फलतो पामशे, पुजक सुखनुं पुर ।१२४।
अखंड ब्रह्मने कर्मनो, कांइ न लागे बाध; जल
कमळ वत रवि कहे, ज्ञानी आप अबाध
॥ १२५ ॥ वेहेवार जोइ ज्ञानी तणा, भुल
नहि गुणवंत; दीसे छे वेहेवारमां, पण सौ-
थी न्यारा संत ॥ १२६ ॥ ટીકા. શ્રી
રવિરામ સ્વામી કહે છે કે જે પુરૂષને
શ્રી ગુરૂ કૃપાથી સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર ૮૭
થયો તેને પછી અહં બ્રહ્માસ્મિ કહેવું રહેતું

